**<u>અસ્વીકરણ</u>:** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઈ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**<u>DISCLAIMER:</u>** The translated judgment in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgment shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

==========================================================

[૨૦૨૦] ૮ એસ.સી.આર. ૧૦૮

અદાણી ગેસ લિમિટેડ

વિરુદ્ધ

પેટ્રોલિયમ એન્ડ નેચરલ ગેસ રેગ્યુલેટરી બોર્ડ અને અન્ય

(સિવિલ અપીલ નંબર ૩૯૯૨/૨૦૧૯)

ફેબ્રુઆરી ૧૭, ૨૦૨૦

[ડો. ધનંજય વાય. ચંદ્રચુડ અને હેમંત ગુપ્તા, ન્યાયમૂર્તિઓ]

*પેટ્રોલિયમ એન્ડ નેચરલ ગેસ રેગ્યુલેટરી બોર્ડ (ઓથોરાઈઝિંગ એન્ટિટીઝ ટુ લે, બિલ્ડ, ઓપરેટ ઓર એક્સપાન્ડ સિટી ઓર લોકલ નેચરલ ગેસ ડિસ્ટ્રિબ્યુશન નેટવર્ક્સ) રેગ્યુલેશન્સ, ૨૦૦૮:*

રેગ્યુલેશન્સ ૫ અને ૭ – વર્ષ ૨૦૧૮–૨૦૨૬ માટે સિટી અથવા લોકલ નેચરલ ગેસ ડિસ્ટ્રિબ્યુશન નેટવર્ક્સ (સીજીડી) માટે બિડિંગનો નવમો રાઉન્ડ – ટેકનિકલ બિડ્સ ખોલ્યા પછી, પેટ્રોલિયમ એન્ડ નેચરલ ગેસ રેગ્યુલેટરી બોર્ડ દ્વારા, બિડિંગના માપદંડોમાં વ્યાજબીપણું લાવવા માટે તેના તારીખ ૨૩ જુલાઈ, ૨૦૧૮ ના નોટ દ્વારા એક માપદંડ દાખલ કરવામાં આવ્યો, જેમાં એ શરત રાખવામાં આવી કે ૨૦૧૧ ની વસ્તી ગણતરીના ડેટા અનુસાર કુલ ઘરોની સંખ્યાના ૨% ને લઘુત્તમ ભાવ અને ૧૦૦% ને મહત્તમ ભાવ તરીકે ગણવામાં આવશે – બોર્ડ નોટ વિશે બિડર્સને સૂચિત કરવામાં આવ્યા ન હતા – ટેકનિકલી પાત્ર બિડર્સની ફાઇનાન્સિયલ બિડ ખોલવા પર, એવું માલૂમ પડ્યું કે ૪ ભૌગોલિક વિસ્તારો એટલે કે જીએ. ૫૧, ૬૧, ૬૨ અને ૭૨ માટે, સૌથી વધુ કમ્પોઝિટ સ્કોર ધરાવતા બિડર્સ, ૨૦૧૧ ની વસ્તી ગણતરી મુજબ ઘરોની કુલ સંખ્યાના ૧૦૦% કરતા વધુનો ભાવ દર્શાવવાના કારણોસર ગેરલાયક ઠરવાને પાત્ર હતા – બોર્ડે તેમને ખુલાસો કરવાની તક આપવાનું નક્કી કર્યું – બોર્ડે ત્યારબાદ જીએ. ૫૧, ૬૧ અને ૬૨ ના સંબંધમાં સૌથી વધુ ભાવ બોલનારા બિડર્સના ભાવોને વ્યાજબી તરીકે સ્વીકારીને તેમને સત્તાધિકાર આપતો લેટર ઓફ ઇન્ટેન્ટ (એલઓઆઇ) જારી કર્યો – જીએ ૭૨ ના કેસમાં, સૌથી વધુ ભાવ બોલનાર બિડરનો ભાવ અવ્યાજબી હોવાના કારણે નકારી કાઢવામાં આવ્યો – અપીલકર્તા જે જીએ ૫૧ માં છઠ્ઠો સૌથી વધુ ભાવ બોલનાર, જીએ ૬૧ માં ત્રીજો સૌથી વધુ ભાવ બોલનાર અને જીએ ૬૨ માં બીજો સૌથી વધુ ભાવ બોલનાર

બિડર હતો, તેણે આ ત્રણ જીએ ના સંબંધમાં સત્તાધિકાર મંજૂર કરવાને પડકાર્યો – જીએ ૬૧ માં બીજા બિડરે પણ જીએ ૬૧ માં સત્તાધિકાર મંજૂર કરવાને પડકાર્યો – ટ્રિબ્યુનલના ચેરપર્સને અપીલો મંજૂર કરી જ્યારે ટેકનિકલ સભ્યે તેને ફગાવી દીધી – ટ્રિબ્યુનલના જ્યુડિશિયલ સભ્યે આ કેસમાંથી પોતાને અલગ કરી લીધા હોવાથી, કેસ સુપ્રિમ કોર્ટમાં ટ્રાન્સફર કરવામાં આવ્યો – કોર્ટે ઠેરવેલ કે: રેગ્યુલેશન ૭ બિડિંગના માપદંડો નક્કી કરે છે – રેગ્યુલેશન ૭ માં મહત્તમ મર્યાદા સંબંધિત અથવા ૨૦૧૧ ની વસ્તી ગણતરીની તારીખ સાથે જોડાણ પૂરું પાડવા અંગેની કોઈ શરત નથી – જે શરત રેગ્યુલેશન ૭ માં સામેલ કરવામાં આવી ન હતી, તે તારીખ ૨૩ જુલાઈ, ૨૦૧૮ ની બોર્ડ નોટ દ્વારા દાખલ કરી શકાય નહીં – તેથી બોર્ડ નોટનો એવો અર્થ કરી શકાય નહીં કે તેણે એવા સંપૂર્ણ નિયમો નક્કી કર્યા છે જેના દ્વારા ઘરોની સંખ્યાના ૨% થી ઓછો અથવા ૧૦૦% થી વધુ ભાવ દર્શાવતી બિડ્સ અવ્યાજબી તરીકે આપોઆપ નકારી કાઢવામાં આવશે – જે માપદંડ સૂચિત કરવામાં આવ્યો ન હતો તેના આધારે બિડરને ગેરલાયક ઠેરવવું એ મનસ્વી ગણાશે અને તે બંધારણના અનુચ્છેદ ૧૪ નું ઉલ્લંઘન ગણાશે – તેથી બોર્ડ નોટને માર્ગદર્શિકાના ઘડતર તરીકે અર્થઘટન કરી શકાય – આથી, જીએ ૫૧, ૬૧ અને ૬૨ ના સંબંધમાં સૌથી વધુ ભાવ બોલનારા બિડર્સને તેમના ભાવોના વ્યાજબીપણાના સંદર્ભમાં ન્યાયી ઠેરવવા માટે બોલાવ્યા બાદ સત્તાધિકારની ફાળવણી કરવાને દોષિત ગણી શકાય નહીં – અન્ય બિડર્સ પાસે આ પ્રક્રિયામાં ભાગ લેવાનો કોઈ અધિકાર ન હોવાથી, માત્ર

*સૌથી વધુ ભાવ બોલનારા બિડર્સને જ તેમના ભાવોનું વ્યાજબીપણું સમજાવવા માટે બોલાવવામાં કુદરતી ન્યાયના સિદ્ધાંતોનો કોઈ ભંગ થયો નથી.*

**અપીલો ફગાવી દેતાં, કોર્ટે ઠેરવેલ કે:**

**૧.૧ પેટ્રોલિયમ એન્ડ નેચરલ ગેસ રેગ્યુલેટરી બોર્ડ (ઓથોરાઈઝિંગ એન્ટિટીઝ ટુ લે, બિલ્ડ, ઓપરેટ ઓર એક્સપાન્ડ સિટી ઓર લોકલ નેચરલ ગેસ ડિસ્ટ્રિબ્યુશન નેટવર્ક્સ) રેગ્યુલેશન્સ, ૨૦૦૮ (સીજીડી ઓથોરાઈઝેશન રેગ્યુલેશન્સ) એવું ધારે છે કે બિડર્સે ટેકનિકલ અને ફાઇનાન્સિયલ બંને બિડ્સ સબમિટ કરવી આવશ્યક છે. રેગ્યુલેશન ૫ માં નિર્દિષ્ટ પ્રક્રિયા સીજીડી નેટવર્ક પાથરવા, બાંધવા, ઓપરેટ કરવા અથવા વિસ્તૃત કરવા માટે બોર્ડ દ્વારા આપવામાં આવેલા આમંત્રણને લાગુ પડે છે. રેગ્યુલેશન ૫(૬) માં લઘુત્તમ પાત્રતાના માપદંડોની પૂર્તિ જરૂરી છે. ટેકનિકલ બિડ સફળ થવા માટે, લઘુત્તમ પાત્રતાના માપદંડો મુજબ બિડર ટેકનિકલ અને ફાઇનાન્સિયલ બંને માપદંડોના સંદર્ભમાં લાયકાત ધરાવતો હોવો જરૂરી છે. આ બાબત રેગ્યુલેશન ૫(૬) પરથી સ્પષ્ટ થાય છે જે અંતર્ગત બોર્ડે માત્ર તે જ સંસ્થાઓની બિડ્સની ઝીણવટભરી તપાસ કરવાની હોય છે જે લઘુત્તમ પાત્રતાના માપદંડો પૂર્ણ કરતી હોય. લઘુત્તમ પાત્રતાના માપદંડોમાં બિડિંગ કરનાર સંસ્થાની (૧) પાથરવા અને બાંધવા; અને (૨) સીજીડી નેટવર્ક ઓપરેટ કરવા અને તેની જાળવણી કરવાની ટેકનિકલ ક્ષમતાનો સમાવેશ થાય છે. આ બંનેને લાયકાતના માપદંડોના સંદર્ભમાં વ્યાખ્યાયિત કરવામાં આવ્યા છે. ટેકનિકલ માપદંડો ઉપરાંત, રેગ્યુલેશન ૫(૬)**

(ઈ) હેઠળની લઘુત્તમ પાત્રતાની આવશ્યકતાઓમાં પ્રોજેક્ટને અમલમાં મૂકવાની તથા સત્તાધિકૃત વિસ્તારમાં તેને ઓપરેટ કરવાની અને તેની જાળવણી કરવાની ફાઈનાન્સિયલ ક્ષમતાનો સમાવેશ થાય છે. ફાઈનાન્સિયલ માપદંડો બિડિંગ કરનાર સંસ્થાની લઘુત્તમ નેટ–વર્થના સંદર્ભમાં વ્યાખ્યાયિત કરવામાં આવ્યા છે. જરૂરી નેટ–વર્થ ૨૦૧૧ ની વસ્તી ગણતરી મુજબ ભૌગોલિક વિસ્તાર (જીએ) ની વસ્તી પર આધારિત છે. જરૂરી લઘુત્તમ નેટ–વર્થ ખાસ કરીને જીએ માટે વસ્તીના ૨૦૧૧ ના વસ્તી ગણતરીના આંકડાઓ વતી વ્યાખ્યાયિત કરવામાં આવી છે. બિડિંગ કરનાર સંસ્થાએ પર્ફોર્મન્સ બોન્ડ ગૅરેંટીના સ્વરૂપમાં બિડ બોન્ડ પણ સબમિટ કરવું જરૂરી છે. ગૅરેંટીનું પ્રમાણ જીએ ની વસ્તી પર આધારિત છે. [પેરા ૩૫][૧૪૯–ડી–જી]

૧.૨ રેગ્યુલેશન ૭ માં સામેલ કરવામાં આવેલ કોષ્ટક ફાઈનાન્સિયલ બિડ્સના કોષ્ટકીકરણ અને સરખામણી માટે પાંચ ગણા માપદંડો પ્રદાન કરે છે. તે પાંચ માપદંડો છે: (૧) સીજીડી માટે ટ્રાન્સપોર્ટેશન રેટની 'ન્યૂનતા'; (૨) સીએનજી માટે ટ્રાન્સપોર્ટેશન રેટ માટે 'ન્યૂનતા'; (૩) સત્તાધિકાર મળ્યાના આઠ વર્ષમાં સ્થાપિત કરવાના સીએનજી સ્ટેશનોની સંખ્યાની 'ઉચ્ચતા'; (૪) સત્તાધિકાર મળ્યાના આઠ વર્ષની અંદર પ્રાપ્ત કરવાના ઘરેલું પીએનજી કનેક્શનોની સંખ્યાની 'ઉચ્ચતા'; (૫) સત્તાધિકાર મળ્યાના આઠ વર્ષની અંદર પાથરવાની સ્ટીલ પાઈપલાઈનના ઈંચ–કિલોમીટરની 'ઉચ્ચતા'. ત્રીજો અને ચોથો માપદંડ મળીને કુલ કમ્પોઝિટ સ્કોરના ૭૦ ટકા હિસ્સો ધરાવે છે. તેમાંથી,

ચોથો માપદંડ – ઘરેલું પીએનજી કનેક્શનોની સંખ્યાની 'ઉચ્ચતા' કુલ કમ્પોઝિટ સ્કોરના ૫૦ ટકા હિસ્સો ધરાવે છે. નોંધપાત્ર રીતે, રેગ્યુલેશન ૭ માં બિડિંગના માપદંડો ૨૦૧૧ ની વસ્તી ગણતરીના આંકડાઓ સાથે જોડાયેલા નથી. રેગ્યુલેશન ૭ ના બે મહત્વના પાસાઓ છે: (૧) ઘરેલું પીએનજી કનેક્શનોની અંદાજિત સંખ્યાનું ૨૦૧૧ ની વસ્તી ગણતરીના ડેટા સાથેના જોડાણનો અભાવ; (૨) ત્રીજા અને ચોથા બંને માપદંડોના સંબંધમાં 'ઉચ્ચતા' ના ધોરણ પર કોઈ મર્યાદા કે ટોચમર્યાદાનો અભાવ. [પેરા ૩૬][૧૫૦–એ–ઈ]

૧.૩ તારીખ ૬ એપ્રિલ ૨૦૧૮ ના રોજ સુધાર્યા મુજબના, ૨૦૦૮ ના સીજીડી ઓથોરાઈઝેશન રેગ્યુલેશન્સમાં સમાવિષ્ટ જોગવાઈઓ દર્શાવે છે કે જ્યાં ૨૦૧૧ ની વસ્તી ગણતરીના ડેટાના સંદર્ભમાં ચોક્કસ જોડાણ જોઈતું હતું, ત્યાં તે અસરની સ્પષ્ટ અને સ્પષ્ટ શ્રેણીની જોગવાઈ કરવામાં આવી હતી. આવી જોગવાઈઓ રેગ્યુલેશન ૫(૬)(ઈ) માં લઘુત્તમ પાત્રતાના માપદંડોના ભાગરૂપે બિડરની ફાઈનાન્સિયલ ક્ષમતા અને રેગ્યુલેશન ૫(૬)(એચ) માં પર્ફોર્મન્સ બોન્ડની મર્યાદાના સંબંધમાં જોવા મળે છે. સત્તાધિકારની તારીખથી આઠ વર્ષની અંદર પ્રાપ્ત કરવાના પીએનજી કનેક્શનોની સંખ્યાની 'ઉચ્ચતા' ને ૨૦૧૧ ની વસ્તી ગણતરીના ડેટા સાથે જોડતી રેગ્યુલેશન ૭ માં શરતની ગેરહાજરીમાં, સીજીડી ઓથોરાઈઝેશન રેગ્યુલેશન્સમાં આવા પ્રતિબંધને વાંચવો એ અર્થઘટનના મૂળભૂત સિદ્ધાંતોથી વિપરીત હશે. જે શરત રેગ્યુલેશન ૭ માં સામેલ કરવામાં આવી નથી તે અર્થઘટનની બાબત તરીકે દાખલ કરી શકાય નહીં. કોર્ટે

સૌથી પહેલા અને મુખ્યત્વે રેગ્યુલેશનને તેના સાદા અને કુદરતી અર્થ અનુસાર વાંચવું જોઈએ. દેખીતી રીતે જ એક કારણ છે કે શા માટે રેગ્યુલેશન ૭ એ કોઈ ટોચમર્યાદા દાખલ કરી નથી અથવા ૨૦૧૧ ની વસ્તી ગણતરીના ડેટા સાથે જોડાણ પૂરું પાડ્યું નથી. સીજીડી નેટવર્કમાં ગ્રાહકો અથવા વપરાશકર્તાઓ, જે તે સ્થિતિ હોય તે મુજબ, વ્યાપકપણે ચાર શ્રેણીઓ ધરાવે છે એટલે કે: (૧) ઘરેલું; (૨) વ્યાપારી; (૩) ઔદ્યોગિક; (૪) વાહનવ્યવહાર સંબંધી. [પેરા ૩૮ અને ૩૯][૧૫૧–એ–ઈ]

૧–૪ બોર્ડ સાચું છે કે ક્રોસ/સબસિડાઇઝેશનના મોડેલમાં, પ્રોજેક્ટની સક્ષમતાને પચીસ વર્ષના પરિપ્રેક્ષ્યમાં જોવી પડે છે. વપરાશકર્તાઓની એક શ્રેણીમાં થતો નફો બીજી શ્રેણીમાં થતા નુકસાનને ભરપાઈ કરી શકે છે. સીજીડી ઓથોરાઈઝેશન રેગ્યુલેશન્સનો હેતુ કાર્યરત સીજીડી નેટવર્ક સ્થાપવા માટે જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવાના ઉદ્દેશ્યને પૂરક બનાવવાનો છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવામાં, સફળ સંસ્થા ભવિષ્ય માટે પ્રોજેક્ટ સ્થાપવા માટે કરારબદ્ધ રીતે બંધાયેલી છે. આ રીતે ઊભું કરાયેલું ઈન્ફ્રાસ્ટ્રક્ચર ગ્રાહકો અથવા, જે તે સ્થિતિ હોય તે મુજબ, વપરાશકર્તાઓ માટે ઉપયોગી થશે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ ભવિષ્યની જરૂરિયાતો પૂરી કરે છે અને તે કાયદેસર રીતે ભવિષ્યલક્ષી હોઈ શકે છે. આ જ પરિપ્રેક્ષ્યમાં છે કે રેગ્યુલેશન ૭ ના પ્રથમ બે બિડિંગ માપદંડો (સીજીડી અને સીએનજી માટેના ટ્રાન્સપોર્ટેશન રેટ) માં ટેરિફ સિવાય, રેગ્યુલેશન ૭ માં નિર્ધારિત માપદંડો માટે બોર્ડ દ્વારા કોઈ ટોચમર્યાદા પૂરી

પાડવામાં આવી ન હતી. વધુ વિશેષરૂપે, રેગ્યુલેશન ૭(૩) માં હરીફાઈયુક્ત બિડિંગ પ્રક્રિયામાં લાયક ઠરવા પર લઘુત્તમ પાત્રતાના માપદંડો પૂર્ણ કરનાર તમામ સંસ્થાઓની બિડ્સનું કોષ્ટકીકરણ અને સરખામણી કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. સદર નિયમો એવા ધોરણના સંદર્ભમાં બિડરને ગેરલાયક ઠેરવવાની કલ્પના કરતા ન હતા જે બિડને ૨૦૧૧ ની વસ્તી ગણતરીના ડેટા દ્વારા પૂરા પાડવામાં આવેલા વસ્તીના આંકડાના ૧૦૦ ટકા સુધી મર્યાદિત કરે. બોર્ડ માટે તે અસરનો સંપૂર્ણ નિયમ નક્કી કરવો, જ્યારે તેને નિયમોમાં ખાસ સામેલ કરવામાં આવ્યો ન હોય, તો તે નિર્ણય લેવાની પ્રક્રિયાને એવા કારણોસર પડકારવા માટે સંવેદનશીલ બનાવત કે તે રેગ્યુલેશન ૭ સાથે સુસંગત ન હતી. [પેરા ૪૦][૧૫૧–એફ–એચ; ૧૫૨–એ–બી]

૧.૫ અપીલકર્તાઓની રજૂઆતોનો મુખ્ય આધાર એ છે કે નકશામાં ૨૦૧૧ ની વસ્તી ગણતરીના આધારે વસ્તી અને ઘરોના આંકડાઓનો સંદર્ભ સામેલ હતો. બિડ દસ્તાવેજની ક્લોઝ ૧.૧.૩ બિડર પર સદર જીએ માં વર્તમાન ગેસ પુરવઠાની ઉપલબ્ધતા, પાઈપલાઈન કનેક્ટિવિટી અને હયાત ગ્રાહકો વિશે માહિતી મેળવવાની જવાબદારી મૂકે છે. નોંધપાત્ર રીતે, ક્લોઝ ૧.૨ માં કામના વ્યાપમાં "સત્તાધિકૃત કરવાના સદર ભૌગોલિક વિસ્તારમાં વાહનવ્યવહાર ક્ષેત્રમાં નેચરલ ગેસ સહિત ઘરેલું, વ્યાપારી અને ઔદ્યોગિક ક્ષેત્રોમાં" નેચરલ ગેસની જરૂરિયાતને પૂરી કરવા માટે બિડિંગ કરનાર સંસ્થાઓ પાસે "સીજીડી નેટવર્ક્સ પાથરવા, બાંધવા, ઓપરેટ કરવા અથવા વિસ્તૃત કરવા" ની અપેક્ષા રાખવામાં

આવી હતી. બિડર્સે ક્લોઝ ૨.૧.૧ હેઠળ બોર્ડની સૂચનાઓ, નિયમો અને શરતો તથા નિયમો સહિત બિડ દસ્તાવેજની સામગ્રીની તપાસ કરવી જરૂરી હતી. બિડર માટે બિડ સબમિટ કરતા પહેલા જીએ અને ચાર્જ એરિયાનો કાળજીપૂર્વક અભ્યાસ કરવો જરૂરી હતો. બીજા શબ્દોમાં કહીએ તો, બિડર્સને સદર નિયમોના અમલીકરણ માટે જરૂરી પગલાં લેવા અંગેની નોટિસ આપવામાં આવી હતી. બિડ દસ્તાવેજ અનિવાર્યપણે સીજીડી ઓથોરાઈઝેશન રેગ્યુલેશન્સને અનુરૂપ હોવો જોઈતો હતો. નકશો, વધુમાં વધુ જીએ ના નવીનતમ સત્તાવાર રેકોર્ડનો સંગ્રહ હતો. નકશાએ એ નક્કી કર્યું ન હતું કે ઘરેલું પીએનજી કનેક્શનોની સંખ્યાની ગણતરી કેવી રીતે કરવાની હતી. ખાસ કરીને બિડ દસ્તાવેજની ક્લોઝ ૧ માં એવો કોઈ સંકેત નથી કે જ્યાં નકશાનો સંદર્ભ આપવામાં આવ્યો હોય. બિડ દસ્તાવેજ સાથે માત્ર નકશો જોડવાથી પાત્રતા અથવા લાયકાતની શરતો લાદવામાં આવશે નહીં. આ નિયમોમાં પૂરી પાડવામાં આવી છે જે વૈધાનિક સ્વરૂપ ધરાવે છે. બિડ દસ્તાવેજ સાથે જોડાયેલા નકશામાં જીએ નું નિરૂપણ રેગ્યુલેશન ૭ માં વ્યાખ્યાયિત કર્યા મુજબ બિડિંગ માપદંડોની ચોક્કસ આવશ્યકતાઓને ઓવર–રાઈડ કરતું નથી. [પેરા ૪૧][૧૫૨–સી–જી]

૨.૧ તારીખ ૬ એપ્રિલ ૨૦૧૮ ના રોજ સુધાર્યા મુજબના, સીજીડી ઓથોરાઈઝેશન રેગ્યુલેશન્સ દર્શાવે છે કે સદર નિયમોમાં બિડ્સનું મૂલ્યાંકન કરવાના માપદંડ તરીકે ૨૦૧૧ ની વસ્તી ગણતરી હેઠળ ઘરોની સંખ્યાના ૨ થી ૧૦૦ ટકાની શ્રેણી નક્કી કરતી કોઈ શરત સામેલ ન હતી. સદર નિયમો

વાસ્તવમાં ઘરેલું પીએનજી કનેક્શનોના 'ઉચ્ચતા' ના પરિબળને ૨૦૧૧ ની વસ્તી ગણતરીના ડેટા સાથે જોડતા નથી. બિડ દસ્તાવેજની ક્લોઝ ૪.૪.૧ માં, બોર્ડે કોઈપણ અવ્યાજબી રીતે ઊંચી અથવા નીચી બિડને નકારી કાઢવાનો અધિકાર પોતાની પાસે અનામત રાખ્યો હતો. બિડ દસ્તાવેજના એડન્ડમ–૧ માં, બોર્ડે તમામ સંભવિત બિડર્સને સ્પષ્ટતા કરી હતી કે બિડ અવ્યાજબી રીતે નીચી છે કે ઊંચી છે તેનું મૂલ્યાંકન બિડ મૂલ્યાંકનના સમયે કેસ–ટુ–કેસ ધોરણે કરવામાં આવશે. આ જ પૃષ્ઠભૂમિમાં તારીખ ૨૩ જુલાઈ ૨૦૧૮ ની બોર્ડ નોટનું મૂલ્યાંકન થવું જોઈએ. બોર્ડ નોટ બિડ્સ સબમિટ કરવાની છેલ્લી તારીખ પછી તૈયાર કરવામાં આવી હતી. બોર્ડ નોટમાં જે માપદંડ પ્રસ્તાવિત કરવામાં આવ્યો હતો તે બિડર્સને સૂચિત કરવામાં આવ્યો ન હતો. બિડર્સને એવી કોઈ નોટિસ આપવામાં આવી ન હતી કે આ આધાર પર તેમની બિડનું મૂલ્યાંકન કરવામાં આવશે. બોર્ડ નોંટે બિડ દસ્તાવેજની ક્લોઝ ૪.૪.૧ ની નોંધ લીધી અને શરત રાખી કે કેટલાક જીએ માટે ટેકનિકલ બિડ્સનું મૂલ્યાંકન થવાનું હોવાથી, બિડિંગના માપદંડોના વ્યાજબીપણા વિશે નિર્ણય લેવો જરૂરી હતો જે કાર્ય કાર્યક્રમની રચના કરે છે. આ પૃષ્ઠભૂમિમાં જ બોર્ડ નોંટે પ્રસ્તાવ મૂક્યો હતો કે; "...કુલ ઘરોના ૨ ટકા (૨૦૧૧ ની વસ્તી ગણતરીના ડેટા મુજબ) લઘુત્તમ તરીકે ગણી શકાય". મહત્તમ સંબંધે, બોર્ડ નોંટે પ્રસ્તાવ મૂક્યો કે: "૧૦૦ ટકા ઘરોથી વધુને અવ્યાજબી ભાવ તરીકે ગણી શકાય". બોર્ડ નોટ દ્વારા અપનાવવામાં આવેલી પ્રક્રિયા દર્શાવે છે કે ૨–૧૦૦ ટકાની શ્રેણી લઘુત્તમથી નીચે અથવા

મહત્તમથી વધુ ભાવો ધરાવતી બિડ્સને ગેરલાયક ઠેરવવા માટેના સંપૂર્ણ અથવા અપરિવર્તનશીલ આધાર તરીકે નક્કી કરવામાં આવી ન હતી. તેનાથી વિપરીત, "ગણી શકાય" એવા શબ્દપ્રયોગનો ઉપયોગ એ દર્શાવે છે કે જે બિડ ૨ ટકાથી ઓછી અથવા ૧૦૦ ટકાથી વધુ હોય તે બોર્ડે બિડ દસ્તાવેજની ક્લોઝ ૪.૪.૧ માં પોતાની પાસે અનામત રાખેલી સત્તાના ઉપયોગને પ્રેરિત કરી શકે છે. તેના સાદા શબ્દોમાં, બોર્ડ નોટનો એવો અર્થ કરી શકાય નહીં કે તેણે એવો સંપૂર્ણ નિયમ નક્કી કર્યો છે જેના દ્વારા ૨૦૧૧ ની વસ્તી ગણતરીના ડેટા હેઠળ ઘરોની સંખ્યાના ૨% લઘુત્તમથી નીચે અથવા ૧૦૦% ની ટોચમર્યાદાથી વધુ ભાવ દર્શાવતી બિડ્સ અવ્યાજબી તરીકે આપોઆપ નકારી કાઢવામાં આવશે. [પેરા ૪૩ અને ૪૪][૧૫૫–એ–એચ]

૨.૨. જો તારીખ ૨૩ જુલાઈ ૨૦૧૮ ની બોર્ડ નોટનું અપીલકર્તાઓએ આગ્રહ રાખ્યા મુજબ અર્થઘટન કરવામાં આવે, તો બોર્ડ નોટ દ્વારા દાખલ કરાયેલા માપદંડના આધારે બિડર્સને આપોઆપ ગેરલાયક ઠેરવવા તે તેની ન્યાયીપણું અને કાયદેસરતા વિશે ગંભીર શંકાઓ ઊભી કરશે. આ એટલા માટે છે કારણ કે બિડ્સ સબમિટ કરવાની તારીખ બંધ થઈ ગઈ તે પહેલાં બિડ્સના મૂલ્યાંકનના આધાર તરીકે બોર્ડ નોટ વિશે બિડર્સને સૂચિત કરવામાં આવ્યા ન હતા. જે માપદંડ સૂચિત કરવામાં આવ્યો ન હતો અને જેનું બિડર્સને કોઈ જ્ઞાન ન હતું તેના આધારે બિડરને ગેરલાયક ઠેરવવું એ મનસ્વી ગણાશે અને તે બંધારણના અનુચ્છેદ ૧૪ નું ઉલ્લંઘન ગણાશે. બોર્ડ એ નક્કી કરવામાં સાચું હતું

કે બોર્ડ નોટમાં નિર્દિષ્ટ માપદંડના આધારે (જે ક્યારેય બિડર્સને સૂચિત કરવામાં આવ્યો ન હતો) બિડને આપોઆપ ગેરલાયક ઠેરવવી તે "કાયદેસર રીતે યોગ્ય" ગણાશે નહીં. તેથી, તારીખ ૨૩ જુલાઈ ૨૦૧૮ ની બોર્ડ નોટનું બોર્ડ માટે માર્ગદર્શિકાના ઘડતર તરીકે અર્થઘટન કરવું વ્યાજબી રહેશે. મૂલ્યાંકનની પ્રક્રિયામાં માર્ગદર્શિકા તરીકે, બોર્ડ દ્વારા ૨૩ જુલાઈ ૨૦૧૮ ના રોજ લેવાયેલો નિર્ણય એ અસરનો ન હતો કે ૨ ટકાથી ઓછી અથવા ૧૦૦ ટકાથી વધુની દરેક બિડ અનિવાર્યપણે ગેરલાયક ઠરશે. 'ગણી શકાય' શબ્દના ઉપયોગ સાથે સુસંગત રહીને, બોર્ડના નિર્ણયનો અર્થ એ હતો કે જો તે એવા નિષ્કર્ષ પર આવે કે બિડ વ્યાજબી હોવાનું ન્યાયી ઠેરવવામાં આવ્યું નથી, તો બોર્ડે ક્લોઝ ૪.૪.૧ માં પોતાની પાસે અનામત રાખેલી સત્તાનો ઉપયોગ કરી શકાય છે. બીજા શબ્દોમાં કહીએ તો, ૨–૧૦૦ ટકાની શ્રેણીનો ભંગ એ બોર્ડ માટે બિડની બારીકાઈથી તપાસ કરવા અને ક્લોઝ ૪.૪.૧ હેઠળની સત્તાનો ઉપયોગ કરવો જોઈએ કે કેમ તે નક્કી કરવા માટેનું પ્રેરક બળ હતું. આથી, બોર્ડે જીએ ૫૧, ૬૧ અને ૬૨ માં સૌથી વધુ કમ્પોઝિટ સ્કોર ધરાવતા બિડર્સને તેમની બિડ્સના વ્યાજબીપણાના સંદર્ભમાં ન્યાયી ઠેરવવા માટે બોલાવવાની જે કાર્યવાહી અપનાવી તેને દોષિત ગણી શકાય નહીં. તેનાથી વિપરીત, જો બોર્ડે આ બિડ્સને માત્ર એવા કારણોસર નકારી કાઢી હોત કે તેઓ ૨૦૧૧ ની વસ્તી ગણતરીના ડેટા હેઠળ ઘરોની ૧૦૦ ટકાની મર્યાદાથી વધુ હતી, તો તે નિર્ણય એવા માપદંડને લાગુ કરવા માટે ગંભીર રીતે ખામીયુક્ત હોત જે સદર નિયમોનો ભાગ

ન હતો, બિડ દસ્તાવેજમાં સમાવિષ્ટ ન હતો અને ગમે તે સંજોગોમાં, બિડર્સે તેમની બિડ્સ સબમિટ કરી તે પહેલાં તેમને સૂચિત કરવામાં આવ્યો ન હતો. [પેરા ૪૫][૧૫૬–એ–એફ]

૩. એજન્ડા નોટનું એવું વાંચન ખોટું છે કે જીએ ૬૨ ના સંબંધમાં, બોર્ડના ચાર સભ્યોમાંથી ત્રણ સભ્યોએ તારીખ ૯ ઓગસ્ટ ૨૦૧૮ ની બોર્ડ એજન્ડા નોટમાં ભલામણ કરી હતી કે એચ૧ બિડર લાયક ન હતો અને એચ૨ બિડર એટલે કે અપીલકર્તાને સફળ બિડર તરીકે જાહેર કરવામાં આવે. તારીખ ૯ ઓગસ્ટ ૨૦૧૮ ની એજન્ડા નોટ એક ભલામણ હતી જે તારીખ ૨૩ જુલાઈ ૨૦૧૮ ની બોર્ડ નોટમાં સમાવિષ્ટ ૨–૧૦૦ ટકાના માપદંડના આધારે તૈયાર કરવામાં આવી હતી. દેખીતી રીતે જ તે નિર્ણયના પ્રકાશમાં, એક ભલામણ કરવામાં આવી હતી જેના પર બોર્ડ દ્વારા એક સંસ્થા તરીકે વિચારણા કરવાની બાકી હતી. જ્યારે બોર્ડની બેઠક ૧૦ ઓગસ્ટ ૨૦૧૮ ના રોજ મળી, ત્યારે તે યોગ્ય રીતે એવા નિષ્કર્ષ પર આવ્યું કે બિડર્સને ગેરલાયક ઠેરવવા માટે નીચલી અને ઉપલી મર્યાદાઓ યાંત્રિક રીતે લાગુ કરવાની ન હતી. આ નિર્ણય માત્ર તારીખ ૨૩ જુલાઈ ૨૦૧૮ ની બોર્ડ નોટની શરતો દ્વારા જ ન્યાયી ન હતો પરંતુ બોર્ડ દ્વારા સત્તાના ન્યાયી ઉપયોગ માટે આંતરિક રીતે જરૂરી હતો. બોર્ડે નક્કી કર્યું કે તે સૌથી વધુ કમ્પોઝિટ સ્કોર ધરાવતા બિડર્સને તેમની બિડ્સના વ્યાજબીપણું સમજાવવા માટે બોલાવશે. આ એક વ્યાજબી તક હતી જે સૌથી વધુ કમ્પોઝિટ સ્કોર ધરાવતા બિડર્સને આઠ કરાર વર્ષો દરમિયાન અંદાજિત

ઘરોની તેમની ગણતરીના આધારને ન્યાયી ઠેરવવા માટે આપવામાં આવી હતી. [પેરા ૪૬][૧૫૬–જી–એચ; ૧૫૭–બી–ડી]

૪. સૌથી વધુ કમ્પોઝિટ સ્કોર ધરાવતા બિડર્સને જ તેમની બિડ્સના વ્યાજબીપણું સમજાવવા માટે બોલાવવામાં કુદરતી ન્યાયના સિદ્ધાંતોનો કોઈ ભંગ થયો ન હતો. આમાંથી કોઈ પણ બિડરને તેમની બિડ્સ સુધારવા અથવા વધારવા માટે બોલાવવામાં આવ્યા ન હતા. સીજીડી ઓથોરાઈઝેશન રેગ્યુલેશન્સની શરતો અનુસાર, સૌથી વધુ કમ્પોઝિટ સ્કોર ધરાવતા બિડરને સફળ બિડર તરીકે જાહેર કરવાનો હોય છે. જો સૌથી વધુ કમ્પોઝિટ સ્કોર હોવા છતાં, બોર્ડ દ્વારા કોઈ બિડરને નકારી કાઢવા માટે વિચારણા કરવામાં આવી રહી હોય, તો તે સદર બિડર જ હતો જેને બિડના વ્યાજબીપણાની સમજૂતી આપવા માટે વ્યાજબી રીતે બોલાવવામાં આવ્યો હતો. અન્ય બિડર્સ પાસે આ પ્રક્રિયામાં ભાગ લેવાનો કોઈ અધિકાર ન હતો. કાયદાનો એ સ્થાપિત સિદ્ધાંત છે કે કુદરતી ન્યાયના નિયમો ત્યાં આકર્ષિત થાય છે જ્યાં કોઈ નિર્ણય એ પક્ષના અધિકારને અસર કરતો હોય જેની વિરુદ્ધ નિર્ણય લેવાનો હોય. તમામ બિડર્સના કમ્પોઝિટ સ્કોરની ગણતરી કર્યા પછી, બીજા સૌથી વધુ ભાવ બોલનાર બિડર પાસે સૌથી વધુ ભાવ બોલનાર બિડર અથવા બોર્ડ સામે કોઈ અધિકારો નથી સિવાય કે સૌથી વધુ કમ્પોઝિટ સ્કોરની ગણતરી કરવાની પદ્ધતિને જ પડકારવામાં આવી હોય. સૌથી વધુ કમ્પોઝિટ સ્કોર ધરાવતા બિડર્સને તેમની બિડના વ્યાજબીપણું સમજાવવા માટે બોલાવવાથી તે જ જીએ માટેના એચ૧ બિડર્સ અથવા અન્ય

કોઈ બિડરના કમ્પોઝિટ સ્કોરમાં કોઈ ફેરફાર થયો નથી. અન્ય કોઈ બિડરને સાંભળવાનો પ્રશ્ન ત્યારે જ ઊભો થયો હોત જો એચ૧ બિડર ગેરલાયક ઠર્યો હોત, અને પછીના સૌથી વધુ કમ્પોઝિટ સ્કોર ધરાવતા બિડરે પણ ૨–૧૦૦ ટકાની શ્રેણીનો ભંગ કર્યો હોત, જેથી બોર્ડ તરફથી ઝીણવટભરી તપાસ જરૂરી બની હોત. હાલની પરિસ્થિતિમાં, જ્યારે બોર્ડે સૌથી વધુ કમ્પોઝિટ સ્કોર ધરાવતા બિડર્સને તેમની બિડના વ્યાજબીપણાને સમજાવવાની તક આપવા માટે બોલાવવાનું નક્કી કર્યું, ત્યારે બોર્ડ દ્વારા લેવાયેલા વહીવટી નિર્ણયને કુદરતી ન્યાયના સિદ્ધાંતોના ઉલ્લંઘન તરીકે દોષિત ઠેરવી શકાય નહીં. [પેરા ૪૭] [૧૫૭–ઇ–એચ; ૧૫૮–એ–બી]

૫. બોર્ડે તેની તારીખ ૨૯ ઓગસ્ટ ૨૦૧૮ ની મિનિટ્સમાં નોંધ્યું હતું કે ચાર જીએ: ૫૧, ૬૧, ૬૨ અને ૭૨ ની સરખામણી તારીખ ૨૩ જુલાઈ ૨૦૧૮ ની એજન્ડા નોટ દ્વારા નક્કી કરાયેલી ઉપલી મર્યાદા અને ૨૦૨૬ માં અંદાજિત ઘરો સાથે કરવામાં આવી હતી. ૨૦૨૬ માં અંદાજિત ઘરોની સંખ્યાના સંદર્ભમાં બોર્ડ દ્વારા નક્કી કરાયેલી ઉપલી મર્યાદાના આધારે પીએનજી ઘરેલું કનેક્શનોનો વ્યાપ ૪૫ ટકાથી ૫૯ ટકા સુધી બદલાતો હતો. જો કે, ૨૦૨૬ માં અંદાજિત ઘરોની સંખ્યાના સંદર્ભમાં દર્શાવેલા પીએનજી કનેક્શનોના આધારે પીએનજી ઘરેલું કનેક્શનોનો વ્યાપ ૫ ટકાથી ૯૯ ટકા સુધી બદલાતો હતો. સંખ્યાના આ બે સેટ વચ્ચેનો તફાવત ૭ ટકાથી ૫૪ ટકા વચ્ચેનો હતો. બોર્ડે નોંધ્યું કે તે જીએ ૭૨ હતું જ્યાં ૫૪ ટકાનો સૌથી વધુ તફાવત જોવા મળ્યો હતો. જીએ ૭૨ માટે

એચ૧ બિડર દ્વારા સબમિટ કરાયેલી બિડ પરિણામે નકારી કાઢવામાં આવી હતી. બોર્ડે અવલોકન કર્યું કે એચ૧ બિડર દ્વારા જીએ ૭૨ માટેની ગણતરી અસમર્થનીય ધારણાઓ પર આધારિત હતી. આ ધારણાઓ અનુસાર, એચ૧ બિડર દ્વારા દર્શાવવામાં આવેલા પીએનજી ઘરેલું કનેક્શનો ૨૦૨૯ સુધીમાં અંદાજિત ઘરોના ૯૯ ટકા હતા જેને અવ્યાજબી રીતે ઊંચા વ્યાપના આંકડા તરીકે ગણવામાં આવ્યા હતા. જો કે, બાકીના ત્રણ જીએ માટે, તફાવત ૨૦૨૯ માં અંદાજિત ઘરોના ૭ ટકાથી ૨૩ ટકા વચ્ચેનો હતો, અને પીએનજી વ્યાપ ૫૫ ટકાથી ૭૯ ટકાની શ્રેણીમાં રહેશે. બોર્ડ દ્વારા આ કવાયત તેને બિડ્સના વ્યાજબીપણા પર વિચારણા કરવા સક્ષમ બનાવવા માટે કરવામાં આવી હતી. જે કંપનીની બિડ જીએ ૬૨ માટે સ્વીકારવામાં આવી હતી, તેને જીએ ૭૨ માટે સ્વીકૃતિ માટે ધ્યાનમાં લેવામાં આવી ન હતી કારણ કે અંદાજિત ઘરોની સંખ્યા અને વ્યાપના દરની તેની ગણતરી અવ્યાજબી માનવામાં આવી હતી. બોર્ડે ચોક્કસપણે એવા નિષ્કર્ષ પર આવવા માટે એક સંભવિત આધાર પૂરો પાડ્યો છે કે જીએ ૫૧, ૬૧ અને ૬૨ માટે સૌથી વધુ કમ્પોઝિટ સ્કોર ધરાવતા બિડર્સ દ્વારા સબમિટ કરાયેલી બિડ્સ વ્યાજબી હતી અને તેને નકારી કાઢવી જોઈએ નહીં. બિડ્સ વ્યાજબી છે કે નહીં તે અંગે બિડર્સને સાંભળ્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો હતો. બોર્ડે તેમની બિડ્સના વ્યાજબીપણા વિશે નિર્ણય લેતા પહેલા અન્ય તમામ બિડર્સને નકારી કાઢ્યા ન હતા અથવા સંભવિતપણે આ સંસ્થાઓને સફળ બિડર્સ તરીકે જાહેર કરી ન હતી. ઘટનાક્રમના આ પ્રકાશમાં,

બોર્ડે કોઈપણ તબક્કે સંબંધિત જીએ ના સંદર્ભમાં પોતાનો નિર્ણય બદલ્યો નથી. [પેરા ૪૯ અને ૫૦][૧૫૮–જી–એચ; ૧૫૯–એ–જી]

૬. એપ્ટેલ સમક્ષની અપીલો જીએ ૫૧, ૬૧ અને ૬૨ ને સંબંધિત હતી. હાલની કાર્યવાહી હાઈકોર્ટ સમક્ષ બંધારણના અનુચ્છેદ ૨૨૬ હેઠળ દાખલ કરાયેલી જાહેર હિતની અરજીના સ્વરૂપની ન હતી જે સમગ્ર ટેન્ડર પ્રક્રિયાને પડકારતી હોય. આ કોર્ટ અને એપ્ટેલ બંને સમક્ષ એવી દલીલ કરવામાં આવી હતી કે બોર્ડે અન્ય જીએ માં એવી બિડ્ઝ નકારી કાઢી હતી જે ૨૦૧૧ ની વસ્તી ગણતરીના આંકડા મુજબ ઘરોની સંખ્યાના ૨ ટકાથી ઓછી અથવા ૧૦૦ ટકાથી વધુ હોવાના કારણે અપાત્ર હતી. સ્પષ્ટતા કરવા પર, બોર્ડે જણાવ્યું છે કે ૨૦૧૧ ની વસ્તી ગણતરીની ૨% અને ૧૦૦% ની મર્યાદાથી ઓછો અને વધુ ભાવ દર્શાવતા એચ–૧ બિડર્સ સાથે માત્ર ૯ બિડ્ઝ હતી. આ ૯ બિડ્ઝ તદનુસાર બોર્ડ સમક્ષ હાઈલાઈટ કરવામાં આવી હતી, અને યોગ્ય રીતે વિચાર–વિમર્શ કર્યા પછી, પક્ષકારોને સાંભળ્યા પછી અને નિષ્પક્ષ નિર્ણય લીધા પછી બોર્ડ દ્વારા આ ૯ બિડ્ઝ પર અંતિમ નિર્ણયો લેવામાં આવ્યા હતા. ૯ બિડ્ઝમાંથી, ૨% થી ઓછા કનેક્શન્સ ધરાવતી ૪ બિડ્ઝ બિડર્સ સાથે ચર્ચા દ્વારા તેમના ભાવો વધાર્યા પછી સ્વીકારવામાં આવી હતી, અન્યથા, આ જીએ ખાલી રહી ગયા હોત. જીએ–૩૭ માં, આઈઓસી ની બિડ ૨% થી ઓછા ભાવ દર્શાવવાના કારણે નકારી કાઢવામાં આવી હતી, પરંતુ બોર્ડના આ નિર્ણયને આઈઓસી દ્વારા પડકારવામાં આવ્યો નથી. બાકીના ૪ જીએ માંથી જ્યાં એચ–૧ બિડર્સે ૩ જીએ

(૫૧, ૬૧ અને ૬૨) માટે ૨૦૧૧ ની વસ્તી ગણતરીના ઘરોની સંખ્યાના ૧૦૦% કરતા વધુ પીએનજી કનેક્શનો દર્શાવ્યા હતા, ત્યાં એચ-૧ બિડર્સને તેમના ભાવોના વ્યાજબીપણા પર સાંભળ્યા પછી સફળ બિડર્સ તરીકે જાહેર કરવામાં આવ્યા હતા. જીએ નંબર ૭૨ માટે, એચ-૧ બિડરની બિડ તેની બિડ અવ્યાજબી જણાતા નકારી કાઢવામાં આવી હતી અને જીએ પછીના સૌથી વધુ ભાવ બોલનાર બિડરને ફાળવવામાં આવ્યો હતો અને એચ-૧ બિડરે તે નિર્ણયને પડકાર્યો ન હતો. બોર્ડ દ્વારા કરવામાં આવેલી આ સ્પષ્ટતા તેમજ સભ્ય ટેકનિકલ (પેટ્રોલિયમ એન્ડ નેચરલ ગેસ) દ્વારા નોંધવામાં આવેલા તારણો સ્વીકારવા યોગ્ય છે. [પેરા ૫૧][૧૫૯-જી-એચ; ૧૬૦-એ-જી]

૭. એવી દલીલ પણ કરવામાં આવી હતી કે વર્ષ ૨૦૦૧ અને ૨૦૧૧ વચ્ચેના સમયગાળા માટે બોર્ડ દ્વારા ધ્યાનમાં લેવાયેલો કમ્પાઉન્ડેડ એન્યુઅલ ગ્રોથ રેટ વાસ્તવિક વાર્ષિક વૃદ્ધિ દર કરતાં વધુ હતો, જેના કારણે બોર્ડ માટે ૨૦૨૬ માટે વાસ્તવમાં અસ્તિત્વમાં હોઈ શકે તેના કરતાં વધુ ઘરોની સંખ્યાનો અંદાજ લગાવવામાં આવ્યો. એક જીએ ની અંદર પીએનજી કનેક્શનોની સંખ્યાનો અંદાજ લગાવવાના હેતુ માટે, ઘરોની સંખ્યા સુસંગત છે અને એકંદર વસ્તી નહીં કારણ કે દરેક ઘરમાં એક કરતાં વધુ પીએનજી કનેક્શન હોવાની સંભાવના નથી. તદુપરાંત, સીજીડી રેગ્યુલેશન્સ કે બિડ દસ્તાવેજ બંનેમાં અંદાજિત ઘરોની સંખ્યા ૨૦૧૧ ની વસ્તી ગણતરીના ડેટાના આધારે ગણવાની જરૂર ન હોવાથી, બિડર્સ દ્વારા પૂરા પાડવામાં આવેલા ન્યાયીપણાને સ્વીકારવાના બોર્ડના નિર્ણય

પર એવા આધાર પર હુમલો કરી શકાય નહીં કે પૂરા પાડવામાં આવેલા આંકડા ૨૦૧૧ ની વસ્તી ગણતરીના ડેટામાંથી મેળવેલી સંખ્યાઓ સાથે સખત રીતે મેળ ખાતા ન હતા. [પેરા ૫૨ અને ૫૩][૧૬૦–એચ; ૧૬૧–એ–ડી]

૮. બિડ દસ્તાવેજની ક્લોઝ ૧૪.૨ હેઠળ બોર્ડને આપવામાં આવેલી સત્તા એ એક સક્ષમ બનાવતી કલમ છે જે બોર્ડને કોઈ ભાવ પર વિચાર કરવા અને તેનું વ્યાજબીપણું નક્કી કરવાની મંજૂરી આપે છે. ૨૦૨૬ માં અંદાજિત ઘરોની સંખ્યાના સંબંધમાં તમામ બિડર્સ દ્વારા સબમિટ કરાયેલા ભાવો સ્વીકાર્યપણે અંદાજો છે. તે જ રીતે, વિવિધ ભાવોના વ્યાજબીપણાની સરખામણી કરવા માટે બેઝલાઈનનું બોર્ડનું પોતાનું નિર્ધારણ પણ એક અંદાજ છે. તેથી, બોર્ડ દ્વારા બેઝલાઈન આંકડાનો ઉપયોગ અને તેના પરિણામે ભાવની વ્યાજબીતાની સ્વીકૃતિને દોષિત ગણી શકાય નહીં કારણ કે તે અંદાજિત ઘરોની સંખ્યા સુધી પહોંચવાની કોઈ એક ચોક્કસ પદ્ધતિને સખત રીતે વળગી રહ્યું નથી, સિવાય કે ઉપયોગમાં લેવાયેલી પદ્ધતિ મનસ્વી હોય, જેનો અપેક્ષિત પરિણામ સાથે કોઈ સંબંધ ન હોય. તેથી ઘરોની સંખ્યાની ગણતરીના સંબંધમાં સભ્ય ટેકનિકલના તારણને મંજૂર કરવામાં આવે છે. [પેરા ૫૩][૧૬૧–જી–એચ; ૧૬૨–એ–બી]

૯. ચેરપર્સનના તારણો ત્રણ મુખ્ય ધારણાઓ પર આધારિત છે: (૧) તારીખ ૨૩ જુલાઈ ૨૦૧૮ ની બોર્ડ નોટ બોર્ડ માટે બંધનકર્તા હતી અને તારીખ ૯ ઓગસ્ટ ૨૦૧૮ ની એજન્ડા નોટ બોર્ડ નોટની બંધનકર્તા પ્રકૃતિનો પુરાવો હતી; (૨) કારણ કે બોર્ડે ૨–૧૦૦ ટકાની શ્રેણી લાગુ કરીને અન્ય કેટલાક

બિડર્સને ગેરલાયક ઠેરવ્યા હતા, તેથી તે જીએ ૫૧, ૬૧ અને ૬૨ માં સફળ બિડર્સ સામે આવું કરવા માટે બંધાયેલું હતું; (૩) કારણ કે વ્યાજબીતાનું મૂલ્યાંકન એ "વ્યક્તિલક્ષી મૂલ્યાંકન" હતું, તેથી બોર્ડ સફળ બિડર્સ જાહેર કરતા પહેલા વિવાદિત જીએ માં અન્ય બિડર્સને સાંભળવા માટે બંધાયેલું હતું. તારીખ ૨૩ જુલાઈ ૨૦૧૮ ની બોર્ડ નોટના કેવળ અર્થઘટન પર અને એ હકીકત પર કે બોર્ડ નોટ બિડ્સ સબમિટ કરવાની છેલ્લી તારીખ પછી તૈયાર કરવામાં આવી હતી, બોર્ડ નોંટે બિડ્સને ગેરલાયક ઠેરવવા માટેના સંપૂર્ણ માપદંડો નક્કી કર્યા નથી. તારીખ ૯ ઓગસ્ટની એજન્ડા નોંટે માત્ર ૨–૧૦૦ ટકાની શ્રેણીના માપદંડો લાગુ કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો પરંતુ બોર્ડે ત્યારબાદ આ કાર્યવાહી અપનાવી ન હતી, જે નિર્ણય તેની સત્તાની અંદર હતો અને વાસ્તવમાં બિડિંગ પ્રક્રિયાની અખંડિતતા જાળવવા માટે જરૂરી હતો. બોર્ડ નોટ સંપૂર્ણ બંધનકર્તા માપદંડ ન હોવાનું સ્થાપિત કર્યા પછી, અને ટ્રિબ્યુનલનો આશરો માત્ર જીએ ૫૧, ૬૧ અને ૬૨ ના સંબંધમાં લેવામાં આવ્યો હોવાથી, અન્ય જીએ પ્રત્યે બોર્ડનું વલણ જીએ ૫૧, ૬૧ અને ૬૨ માં મંજૂર કરાયેલા સત્તાધિકારોની કાયદેસરતા નક્કી કરવામાં નિર્ણાયક હોઈ શકે નહીં, ખાસ કરીને જ્યાં આ અન્ય જીએ ના સંબંધમાં બોર્ડના પગલાંને સ્વતંત્ર રીતે પડકારવામાં આવ્યા નથી. છેલ્લે, ચેરપર્સને સૌથી વધુ બિડરના ભાવની વ્યાજબીતાના મૂલ્યાંકનને સદર જીએ ના અન્ય તમામ બિડર્સના અધિકારો અને જવાબદારીઓને અસર કરતા નિર્ણય તરીકે અર્થઘટન કર્યું છે, આમ તેમને સાંભળવાની જરૂરિયાત ગણાવી છે.

**બિડની વ્યાજબીતાનું મૂલ્યાંકન એ માત્ર સૌથી વધુ બિડર અને બોર્ડ વચ્ચેની બાબત હતી. આવું મૂલ્યાંકન અન્ય બિડર્સના સ્કોર્સની સરખામણીમાં સૌથી વધુ બિડરના સ્કોર્સમાં ફેરફાર કરશે નહીં. એકમાત્ર પ્રશ્ન એ હતો કે શું સૌથી વધુ બિડરનો ભાવ વ્યાજબી હતો, અને આવી વ્યાજબીતા નક્કી કરવાની સત્તા બિડ દસ્તાવેજની ક્લોઝ ૧૪.૨ ના આધારે માત્ર બોર્ડ પાસે હતી. આમ, અન્ય બિડર્સની હાજરી અને તેમને સાંભળવા જરૂરી ન હતા. [પેરા ૫૪ અને ૫૫] [૧૬૩–બી–એચ; ૧૬૪–એ]**

**૧૦. કોર્ટ ચેરપર્સનના અભિપ્રાય સાથે અસંમત છે અને અપીલો ફગાવી દેવાના સભ્ય ટેકનિકલ (પેટ્રોલિયમ એન્ડ નેચરલ ગેસ) દ્વારા લેવાયેલા વલણ સાથે સહમત થાય છે. [પેરા ૫૬][૧૬૪–બી]**

સિવિલ અપીલેટ જ્યુરિસડિક્શન: સિવિલ અપીલ નંબર ૩૯૯૨/૨૦૧૯.

અપીલેટ ટ્રિબ્યુનલ ફોર ઈલેક્ટ્રિસિટી, નવી દિલ્હીના અપીલ નંબર ૨૯૨/૨૦૧૮ માં તારીખ ૨૮.૦૨.૨૦૧૯ ના ચુકાદા અને હુકમ પરથી.

સાથે

સિવિલ અપીલ નંબર્સ ૩૨૩૪–૩૨૩૫, ૩૨૪૭–૩૨૪૮, ૩૨૮૯, ૪૫૨૭/૨૦૧૯, ૧૦૬/૨૦૨૦, ટ્રાન્સફર્ડ કેસ (સિવિલ) નંબર્સ ૨૭ અને ૨૬/૨૦૧૯.

હાજર રહેલા પક્ષકારો તરફે વિદ્વાન સિનિયર કાઉન્સેલ કપિલ સિબલ, પી.એસ. નરસિમ્હા, ડો. એ.એમ. સિંઘવી, વિકાસ સિંહ, સંજય સેન, ગોપાલ શંકરનારાયણન, પારસ કુહાદ, એડવોકેટ્સ નીતિન કલા, સુમંતો બાસુ, પુખરામબમ રમેશ કુમાર, રોહન સરીન, રાહુલ જી. તન્વાની, ગૌરવ મિત્રા, રોહન ગણપથિ, કરુણ શર્મા, સુશ્રી શનિઝા ફરીદ, અદિતિ ત્રિપાઠી, ગૌરવ જુનેજા, આયુષ જૈન, દિવ્યાંશુ, સુશ્રી દીપા ચવાણ, મેસર્સ ખેતાન એન્ડ કો., બડી રંગનાથન, મહેશ અગ્રવાલ, સુશ્રી આંચલ મલ્લિક, સુશ્રી દીપિકા કાલિયા, શુભમ કુલશ્રેષ્ઠ, ઇ. સી. અગ્રવાલા, સુશ્રી ભાર્ગવી કાનન, સુશ્રી ઐશ્વર્યા મોદી, સુશ્રી નફીસા ખૌડેપારકર, પાર્થ ચોપરા, હરપ્રીત સિંહ અજમાની, સંજીત સિંહ, અનીશ સેઠી, સુશ્રી દિવ્યા રોય, પ્રશાંત બેઝબારુઆ, ઉત્કર્ષ શર્મા, જીતિન ચતુર્વેદી, રાકેશ દિવાન, શુએબ હુસૈન.

**ન્યાયમૂર્તિ ડો. ધનંજય વાય. ચંદ્રચુડ** દ્વારા કોર્ટનો ચુકાદો આપવામાં આવેલ.

૧. ૨૦૧૮ માં પેટ્રોલિયમ એન્ડ નેચરલ ગેસ રેગ્યુલેટરી બોર્ડ દ્વારા સિટી અથવા લોકલ નેચરલ ગેસ ડિસ્ટ્રિબ્યુશન નેટવર્ક્સ માટે બિડિંગના નવમા રાઉન્ડનું સંચાલન કરવામાં આવ્યું હતું. ૧૪ સપ્ટેમ્બર ૨૦૧૮ ના રોજ, બોર્ડની વેબસાઇટ પર વિવિધ જિયોગ્રાફિકલ એરિયાઝમાં સફળ બિડર્સની વિગતો સૂચિત કરતી એક અખબારી યાદી મૂકવામાં આવી હતી. હાલની અપીલોની બેચમાં

વિવાદ નીચેના જીએમાં સીજીડી નેટવર્ક્સ પાથરવા, નિર્માણ કરવા, ચલાવવા અથવા વિસ્તૃત કરવા માટે અધિકૃતતા આપવા બાબતે ઉભો થયો છે:

(એ) જીએ ૫૧ – પુડુચેરી જિલ્લો;

(બી) જીએ ૬૧ – કાંચીપુરમ જિલ્લો; અને

(સી) જીએ ૬૨ – ચેન્નાઈ અને તિરુવલ્લુર જિલ્લાઓ.

૨. એપેલેટ ટ્રિબ્યુનલ ફોર ઈલેક્ટ્રિસિટી સમક્ષ બે અપીલો પડતર હતી – અદાણી ગેસ લિમિટેડ દ્વારા દાખલ કરવામાં આવેલ અપીલ નંબર ૨૯૨/૨૦૧૮ અને આઇએમસી લિમિટેડ દ્વારા દાખલ કરવામાં આવેલ અપીલ નંબર ૩૨૩/૨૦૧૮. આ અપીલો એપ્ટેલ સમક્ષ ધ પેટ્રોલિયમ એન્ડ નેચરલ ગેસ રેગ્યુલેટરી બોર્ડ એક્ટ, ૨૦૦૬ ની કલમ ૩૦(૧) હેઠળ દાખલ કરવામાં આવી હતી. ૨૮ ફેબ્રુઆરી ૨૦૧૯ ના રોજના તેમના અલગ ચુકાદાઓ દ્વારા, ચેરપર્સન અને ટેકનિકલ સભ્ય (પેટ્રોલિયમ અને નેચરલ ગેસ) એ ભિન્ન તારણો આપ્યા હતા, જે અન્વયે ચેરપર્સને નિર્દેશ આપ્યો હતો કે બંને અપીલોની કાર્યવાહી ન્યાયિક સભ્ય સમક્ષ મૂકવામાં આવે. ન્યાયિક સભ્યએ ૭ માર્ચ ૨૦૧૯ ના રોજ અપીલોની સુનાવણીમાંથી પોતાને અલગ કર્યા (recused) હતા. આના કારણે આ સુપ્રિમ કોર્ટ સમક્ષ હાલની અપીલો દાખલ કરવામાં આવી. સુનાવણી હાથ ધરવા માટે એપ્ટેલમાં અન્ય કોઈ ન્યાયિક સભ્ય ઉપલબ્ધ ન હોવાનું નોંધીને, આ સુપ્રિમ કોર્ટે ૧ એપ્રિલ ૨૦૧૯ ના રોજના તેના હુકમ દ્વારા અપીલોને ગ્રાહ્ય

રાખી હતી અને હાલના વિવાદનો આખરી નિકાલ લાવવા માટે એપ્ટેલ સમક્ષની કાર્યવાહી આ સુપ્રિમ કોર્ટમાં ટ્રાન્સફર કરવા માટે બંધારણના અનુચ્છેદ ૧૪૨ હેઠળ તેની સત્તાઓનો ઉપયોગ કરીને નિર્દેશો જાહેર કર્યા હતા. ગુણદોષનું મૂલ્યાંકન કરવામાં, કોર્ટને ચેરપર્સન અને ટેકનિકલ સભ્ય (પેટ્રોલિયમ અને નેચરલ ગેસ) દ્વારા વ્યક્ત કરાયેલા ભિન્ન મંતવ્યોનું મૂલ્યાંકન કરવાનો લાભ મળ્યો છે.

૩. પીએનજીઆરબી એક્ટની કલમ ૩૦ ના પેટા-કલમ (૧) ના સંદર્ભમાં એપ્ટેલની રચના કરવામાં આવી છે જે નીચે ઉદ્ધૃત છે:

> "**૩૦. એપેલેટ ટ્રિબ્યુનલ.** (૧) આ એક્ટની જોગવાઈઓને આધિન, ધ ઈલેક્ટ્રિસિટી એક્ટ, ૨૦૦૩ (૨૦૦૩ નો ૩૬) ની કલમ ૧૧૦ હેઠળ સ્થપાયેલ એપેલેટ ટ્રિબ્યુનલ આ એક્ટના હેતુઓ માટે એપેલેટ ટ્રિબ્યુનલ રહેશે અને સદર એપેલેટ ટ્રિબ્યુનલ આ એક્ટ દ્વારા અથવા તેના હેઠળ તેને પ્રદાન કરવામાં આવેલી હકુમત, સત્તાઓ અને અધિકારનો ઉપયોગ કરશે:
>
> પરંતુક એ કે આ એક્ટના હેતુઓ માટે એપેલેટ ટ્રિબ્યુનલના ટેકનિકલ સભ્યને ટેકનિકલ સભ્ય (પેટ્રોલિયમ અને નેચરલ ગેસ) કહેવામાં આવશે અને તેઓ કલમ ૩૧ ના પેટા-કલમ (૨) માં નિર્દિષ્ટ કરેલી લાયકાતો ધરાવતા હશે."

કલમ ૩૩ એવું નિયત કરે છે કે બોર્ડના કોઈ હુકમ કે નિર્ણયથી નારાજ થયેલી કોઈ પણ વ્યક્તિ ટ્રિબ્યુનલ સમક્ષ અપીલનો આશરો લઈ શકે છે. અપીલની સુનાવણી કરતી વખતે એપ્ટેલની હકુમત કલમ ૩૩ ના પેટા–કલમ (૬) માં નીચેની શરતોમાં દર્શાવવામાં આવી છે:

> "૩૩.(૬) પેટા–કલમ (૧) હેઠળ દાખલ કરાયેલી અપીલમાં ઉલ્લેખિત બોર્ડના કોઈપણ હુકમ અથવા નિર્ણયની કાયદેસરતા અથવા ઔચિત્ય અથવા શુદ્ધતાની તપાસ કરવાના હેતુથી, એપેલેટ ટ્રિબ્યુનલ, કાં તો સ્વતઃ સંજ્ઞાનથી અથવા અન્યથા, આવી અપીલનો નિકાલ કરવા માટે સંબંધિત રેકોર્ડ મંગાવી શકે છે અને તેને યોગ્ય લાગે તેવા હુકમો કરી શકે છે."

નાગરિક કાર્યરીતિ સંહિતા, ૧૯૦૮ ની કલમ ૧૦૦ માં નિર્ધારિત કરાયેલા આધાર પર કલમ ૩૭ હેઠળ, વચગાળાના હુકમ સિવાયના, એપ્ટેલના હુકમ સામે આ સુપ્રિમ કોર્ટમાં અપીલ થઈ શકે છે. આ પૃષ્ઠભૂમિ સાથે, હવે આપણે પીએનજીઆરબી એક્ટ તરફ વળીએ જેના નેજા હેઠળ સીજીડી બિડિંગનો નવમો રાઉન્ડ યોજાયો હતો.

**પીએનજીઆરબી એક્ટ અને રેગ્યુલેશન્સ**

૪. પીએનજીઆરબી એક્ટની વિષયવસ્તુ તેના લાંબા શીર્ષક દ્ધારા આ પ્રમાણે સંક્ષિપ્તમાં જણાવવામાં આવી છે:

"પેટ્રોલિયમ, પેટ્રોલિયમ ઉત્પાદનો અને નેચરલ ગેસના શુદ્ધિકરણ, પ્રક્રિયા, સંગ્રહ, પરિવહન, વિતરણ, માર્કેટિંગ અને વેચાણને નિયંત્રિત કરવા માટે પેટ્રોલિયમ અને નેચરલ ગેસ રેગ્યુલેટરી બોર્ડની સ્થાપના કરવાની જોગવાઈ કરવા બાબતનો એક્ટ, જેમાં ક્રૂડ ઓઇલ અને નેચરલ ગેસના ઉત્પાદનને બાકાત રાખવામાં આવેલ છે જેથી ગ્રાહકો અને પેટ્રોલિયમ, પેટ્રોલિયમ ઉત્પાદનો અને નેચરલ ગેસ સંબંધિત નિર્દિષ્ટ પ્રવૃત્તિઓમાં રોકાયેલી સંસ્થાઓના હિતોનું રક્ષણ કરી શકાય અને દેશના તમામ ભાગોમાં પેટ્રોલિયમ, પેટ્રોલિયમ ઉત્પાદનો અને નેચરલ ગેસનો અવિરત અને પૂરતો પુરવઠો સુનિશ્ચિત કરી શકાય અને સ્પર્ધાત્મક બજારોને પ્રોત્સાહન આપી શકાય અને તેની સાથે જોડાયેલી અથવા તેને આકસ્મિક બાબતો માટે."

પીએનજીઆરબી એક્ટ, કલમ ૧૬ સિવાય, કલમ ૧(૩) માં સમાવિષ્ટ જોગવાઈઓના સંદર્ભમાં ૧ ઓક્ટોબર ૨૦૦૭ ના રોજ અમલમાં આવ્યો. કલમ ૧૬ જે સીજીડી નેટવર્ક્સના નિર્માણ અથવા વિસ્તરણ માટે અધિકૃતતાની જોગવાઈ કરે છે, તે ૧૫ જુલાઈ ૨૦૧૦ ના રોજ અમલમાં આવી. કલમ ૧૬, જ્યાં સુધી પ્રસ્તુત છે ત્યાં સુધી, નીચેની શરતો ધરાવે છે:

"**૧૬. અધિકૃતતા.** કોઈ પણ સંસ્થા આ એક્ટ હેઠળ અધિકૃતતા મેળવ્યા વિના—

(એ) કોમન કેરિયર અથવા કોન્ટ્રેક્ટ કેરિયર તરીકે કોઈ પાઈપલાઈન પાથરશે નહીં, નિર્માણ કરશે નહીં, ચલાવશે નહીં અથવા તેનું વિસ્તરણ કરશે નહીં,

(બી) કોઈ સિટી અથવા લોકલ નેચરલ ગેસ ડિસ્ટ્રિબ્યુશન નેટવર્ક પાથરશે નહીં, નિર્માણ કરશે નહીં, ચલાવશે નહીં અથવા તેનું વિસ્તરણ કરશે નહીં:"

પીએનજીઆરબી એક્ટની કલમ ૧૯ હેઠળ, બોર્ડ સિટી અથવા લોકલ નેચરલ ગેસ ડિસ્ટ્રિબ્યુશન નેટવર્ક માટે કાં તો અરજીના આધારે અથવા સ્વતઃ સંજ્ઞાનથી અધિકૃતતા આપી શકે છે. નિર્દિષ્ટ જીએમાં આવું કરતા પહેલા, બોર્ડ તેમ કરવાના પોતાના ઈરાદાની વ્યાપક પ્રસિદ્ધિ કરવાના આદેશ હેઠળ છે. રસ ધરાવતા પક્ષકારો પાસેથી અરજીઓ મંગાવ્યા પછી, બોર્ડ "આવી પ્રવૃત્તિઓ માટે રેગ્યુલેશન્સ દ્વારા નિર્દિષ્ટ કર્યા મુજબ ઉદ્દેશ્યપૂર્ણ અને પારદર્શક રીતે" કોઈ સંસ્થાની પસંદગી કરી શકે છે.

૫. ૧૯ માર્ચ ૨૦૦૮ ના રોજ, પેટ્રોલિયમ અને નેચરલ ગેસ રેગ્યુલેટરી બોર્ડ (ઓથોરાઈઝિંગ એન્ટિટીઝ ટુ લે, બિલ્ડ, ઓપરેટ ઓર એક્સપાન્ડ સિટી ઓર લોકલ નેચરલ ગેસ ડિસ્ટ્રિબ્યુશન નેટવર્ક્સ) રેગ્યુલેશન્સ, ૨૦૦૮ સૂચિત કરવામાં આવ્યા હતા. સીજીડી ઓથોરાઈઝેશન રેગ્યુલેશન્સમાં ૨૧ જૂન ૨૦૧૩, ૭ એપ્રિલ ૨૦૧૪ અને ૬ એપ્રિલ ૨૦૧૮ ના રોજ સુધારા કરવામાં આવ્યા હતા.

૨૦૧૮ માં સુધારેલા સીજીડી ઓથોરાઈઝેશન રેગ્યુલેશન્સે બિડિંગ માટેના નવા માપદંડો બદલ્યા જે બિડિંગના નવમા રાઉન્ડમાં લાગુ પડ્યા હતા જેની સાથે હાલની અપીલોની બેચ સંબંધિત છે.

૬. સીજીડી ઓથોરાઈઝેશન રેગ્યુલેશન્સનું રેગ્યુલેશન ૬ કોઈ ચોક્કસ સિટી અથવા જીએમાં સીજીડી નેટવર્ક પાથરવા, નિર્માણ કરવા, ચલાવવા અથવા વિસ્તૃત કરવા માટે બોર્ડ દ્વારા આમંત્રણની જોગવાઈ કરે છે. એક્સપ્રેશન્સ ઓફ ઇન્ટરેસ્ટને લગતા પાસાઓ સિવાય, રેગ્યુલેશન ૫ માં નિર્દિષ્ટ પ્રક્રિયા લાગુ કરવાની રહેશે. રેગ્યુલેશન ૫(૬) હેઠળ, બોર્ડ માત્ર તે જ બિડ્સની ચકાસણી કરી શકે છે જે જાહેરાતના જવાબમાં પ્રાપ્ત થઈ હોય અને એવી સંસ્થાઓ તરફથી હોય જે ચોક્કસ ન્યૂનતમ પાત્રતા માપદંડો પૂર્ણ કરતી હોય. રેગ્યુલેશન ૫(૬)(બી) માપદંડો સ્પષ્ટ કરે છે, જે એ સુનિશ્ચિત કરવા માટે તૈયાર કરવામાં આવ્યા છે કે બિડિંગ કરનારી સંસ્થા સંબંધિત સિટી અથવા જીએમાં સીજીડી નેટવર્ક પાથરવા અને નિર્માણ કરવા માટે તકનીકી રીતે સક્ષમ છે. રેગ્યુલેશન ૫(૬)(સી) એવા માપદંડો જણાવે છે જે સુનિશ્ચિત કરે છે કે સદર સંસ્થા સીજીડી નેટવર્ક ચલાવવા અને જાળવવા માટે તકનીકી રીતે સક્ષમ છે. તકનીકી માપદંડો ઉપરાંત, રેગ્યુલેશન્સ ચોક્કસ નાણાકીય માપદંડો પણ સ્પષ્ટ કરે છે જે સંભવિત બિડર્સે સંતોષવા આવશ્યક છે. રેગ્યુલેશન ૫(૬)(ઈ) જોગવાઈ કરે છે:

"(ક) બોર્ડ જાહેરાતના જવાબમાં મળેલી બિડ્સની ચકાસણી માત્ર તે જ સંસ્થાઓના સંબંધમાં કરશે જે નીચેના ન્યૂનતમ પાત્રતા માપદંડો પૂર્ણ કરે છે, એટલે કે:–

...

(ઈ) સંસ્થા પાસે સૂચિત પ્રોજેક્ટને અમલમાં મૂકવા, અધિકૃત વિસ્તારમાં તેને ચલાવવા અને જાળવવા માટે પૂરતી નાણાકીય ક્ષમતા છે અને સિંગલ સીજીડી નેટવર્ક માટે બિડિંગ કરવા માટે પાત્રતા મેળવવા માટે નીચેના નાણાકીય માપદંડ પૂર્ણ કરશે એટલે કે:–

| **ભારતની ૨૦૧૧ ની વસ્તી ગણતરી મુજબ જિયોગ્રાફિકલ એરિયામાં વસ્તી** | **બિડર–સંસ્થાની ન્યૂનતમ નેટ વર્થ** |
|---|---|
| (૧) | (૨) |
| ૫ મિલિયન અથવા વધુ | ૫ મિલિયનની વસ્તી માટે રૂ. ૧,૫૦૦ મિલિયન, વત્તા ૫ મિલિયનથી વધુની વસ્તીના પ્રત્યેક ૧ મિલિયન અથવા તેના ભાગ માટે વધારાના રૂ. ૩૦૦ મિલિયન (નોંધ–૩ જુઓ) |
| ૨ મિલિયન અથવા વધુ પરંતુ ૫ મિલિયનથી ઓછી | રૂ. ૧,૦૦૦ મિલિયન |
| ૧ મિલિયન અથવા વધુ પરંતુ ૨ મિલિયનથી ઓછી | રૂ. ૭૫૦ મિલિયન |
| ૦.૫ મિલિયન અથવા વધુ પરંતુ ૧ મિલિયનથી ઓછી | રૂ. ૫૦૦ મિલિયન |
| ૦.૨૫ મિલિયન અથવા વધુ પરંતુ ૦.૫૦ મિલિયનથી ઓછી | રૂ. ૨૫૦ મિલિયન |

| | |
|---|---|
| ૦.૧ મિલિયન અથવા વધુ પરંતુ ૦.૨૫ મિલિયનથી ઓછી | રૂ. ૧૦૦ મિલિયન |
| ૦.૧ મિલિયનથી ઓછી | રૂ. ૫૦ મિલિયન |

આમ બિડિંગ કરનારી સંસ્થાની ન્યૂનતમ નેટ–વર્થ ૨૦૧૧ ના વસ્તી ગણતરીના ડેટામાં દર્શાવ્યા મુજબ, સંસ્થા જે જીએ માટે બિડ કરી રહી છે તેની વસ્તી સાથે જોડાયેલી છે.

૭. સીજીડી ઓથોરાઈઝેશન રેગ્યુલેશન્સનું રેગ્યુલેશન ૭ એ નક્કી કરવા માટેના માપદંડ પ્રદાન કરે છે કે બોર્ડ દ્વારા એક જ જીએ માટેની હરીફ બિડ્સનું મૂલ્યાંકન કેવી રીતે કરવું જોઈએ. રેગ્યુલેશન ૭ તેની સંપૂર્ણતામાં નીચે મુજબ ઉધ્ધૃત છે:

"૭. બિડિંગ માપદંડ.

૧(એ) બોર્ડ, અધિકૃતતા માટેની દરખાસ્ત પર વિચાર કરતી વખતે, નીચે નિર્દિષ્ટ બિડિંગ માપદંડો મુજબ ન્યૂનતમ પાત્રતા માપદંડો પૂર્ણ કરતી તમામ નાણાકીય બિડ્સનું કોષ્ટકીકરણ અને સરખામણી કરશે, એટલે કે:–

| ક્રમ નંબર | બિડિંગ માપદંડ | વેઈટેજ % | સ્પષ્ટીકરણ |
|---|---|---|---|
| ૧ | સીજીડી માટે પરિવહન દરની ન્યૂનતમતા – રૂપિયા પ્રતિ મિલિયન બ્રિટિશ થર્મલ યુનિટમાં (રૂ./એમએમબીટીયુ) | ૧૦ | બિડરે માત્ર પ્રથમ કોન્ટ્રેક્ટ વર્ષ માટે સીજીડી માટે પરિવહન દર ટાંકવો જરૂરી છે જે રૂ. ૩૦/એમએમબીટીયુ થી ઓછો હોવો જોઈએ નહીં. ત્યાર પછીના કોન્ટ્રેક્ટ વર્ષો માટેના દરો ટાંકેલા દર અને નોંધ મુજબના વધારાને ધ્યાનમાં લઈને મેળવવામાં |

| | | | |
|---|---|---|---|
| | | | આવશે. |
| ૨ | સીએનજી માટે પરિવહન દરની ન્યૂનતમતા – રૂપિયા પ્રતિ કિલોગ્રામમાં (રૂ./કિગ્રા) | ૧૦ | બિડરે માત્ર પ્રથમ કોન્ટ્રેક્ટ વર્ષ માટે સીએનજી માટે પરિવહન દર ટાંકવો જરૂરી છે જે રૂ. ૨/કિગ્રા થી ઓછો હોવો જોઈએ નહીં. ત્યાર પછીના કોન્ટ્રેક્ટ વર્ષો માટેના દરો ટાંકેલા દર અને નોંધ મુજબના વધારાને ધ્યાનમાં લઈને મેળવવામાં આવશે. |
| ૩ | અધિકૃતતાની તારીખથી ૮ કોન્ટ્રેક્ટ વર્ષોની અંદર સ્થાપિત કરવાના સીએનજી સ્ટેશનોની (ઓનલાઇન અને ડોટર બૂસ્ટર સ્ટેશનો) સંખ્યાની મહત્તમતા | ૨૦ | |
| ૪ | અધિકૃતતાની તારીખથી ૮ કોન્ટ્રેક્ટ વર્ષોની અંદર પ્રાપ્ત કરવાના સ્થાનિક પાઇપ્ડ નેચરલ ગેસ કનેક્શન્સની સંખ્યાની મહત્તમતા | ૫૦ | |
| ૫ | અધિકૃતતાની તારીખથી ૮ કોન્ટ્રેક્ટ વર્ષોની અંદર પાથરવાની સ્ટીલ પાઇપલાઇનની (સબ–ટ્રાન્સમિશન સ્ટીલ પાઇપલાઇન્સ સહિત) ઇંચ–કિલોમીટરની મહત્તમતા | ૧૦ | |

નોંધ: વાર્ષિક વધારો બીજા કોન્ટ્રેક્ટ વર્ષથી અને ત્યાર પછી "હોલસેલ પ્રાઇસ ઇન્ડેક્સ (ડબલ્યુપીઆઇ) ડેટા (૨૦૧૧–૧૨=૧૦૦)" ના આધારે "ઓલ ગ્રુપ કોમોડિટી" માટે ગણવામાં આવશે, જે સામાન્ય રીતે ભારત સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના આર્થિક સલાહકારની કચેરી, ઔદ્યોગિક નીતિ અને પ્રમોશન વિભાગ (ડીઆઇપીપી) ની વેબસાઇટ પર લિંક "http://eaindustry.nic.in/home.asp" પર ઉપલબ્ધ છે.

પરંતુક એ કે (૧) બિલાસપુર, હમીરપુર અને ઉના જિલ્લાઓ; (૨) પંચકુલા (જે વિસ્તાર પહેલાથી જ અધિકૃત છે તે સિવાય), શિમલા, સોલન અને સિરમૌર જિલ્લાઓ અને (૩) બાડમેર, જેસલમેર અને જોધપુર જિલ્લાઓના જિયોગ્રાફિકલ એરિયાઝના કિસ્સામાં સ્ટીલ–પાઈપો દ્વારા નેચરલ ગેસ સપ્લાય કરવો ફરજિયાત નથી. જો કે નેચરલ ગેસ તમામ ચાર્જ એરિયામાં પહોંચવો જોઈએ. બિડિંગ પેરામીટર્સ અને તેમના સંબંધિત વેઈટેજ, તે મુજબ, નીચે પ્રમાણે રહેશે:–

| **ક્રમ નંબર** | **બિડિંગ માપદંડ** | **વેઈટેજ %** | **સ્પષ્ટીકરણ** |
|---|---|---|---|
| ૧ | સીજીડી માટે પરિવહન દરની ન્યૂનતમતા રૂપિયા પ્રતિ મિલિયન બ્રિટિશ થર્મલ યુનિટમાં (રૂ./એમએમબીટીયુ) | ૧૦ | બિડરે માત્ર પ્રથમ કોન્ટ્રેક્ટ વર્ષ માટે સીજીડી માટે પરિવહન દર ટાંકવો જરૂરી છે જે રૂ. ૩૦/એમએમબીટીયુ થી ઓછો હોવો જોઈએ નહીં. ત્યાર પછીના કોન્ટ્રેક્ટ વર્ષો માટેના દરો ટાંકેલા દર અને નોંધ મુજબના વધારાને ધ્યાનમાં લઈને મેળવવામાં આવશે. |
| ૨ | સીએનજી માટે પરિવહન દરની ન્યૂનતમતા રૂપિયા પ્રતિ કિલોગ્રામમાં (રૂ./કિગ્રા) | ૧૦ | બિડરે માત્ર પ્રથમ કોન્ટ્રેક્ટ વર્ષ માટે સીએનજી માટે પરિવહન દર ટાંકવો જરૂરી છે જે રૂ. ૨/કિગ્રા થી ઓછો હોવો જોઈએ નહીં. ત્યાર પછીના કોન્ટ્રેક્ટ વર્ષો માટેના દરો ટાંકેલા દર અને નોંધ મુજબના વધારાને ધ્યાનમાં લઈને મેળવવામાં આવશે. |

| | | | |
|---|---|---|---|
| ૩ | અધિકૃતતાની તારીખથી ૮ કોન્ટ્રેક્ટ વર્ષોની અંદર સ્થાપિત કરવાના સીએનજી સ્ટેશનોની (ઓનલાઇન અને ડોટર બૂસ્ટર સ્ટેશનો) સંખ્યાની મહત્તમતા | ૨૫ | |
| ૪ | અધિકૃતતાની તારીખથી ૮ કોન્ટ્રેક્ટ વર્ષોની અંદર પ્રાપ્ત કરવાના સ્થાનિક પાઇપ્ડ નેચરલ ગેસ કનેક્શન્સની સંખ્યાની મહત્તમતા | ૫૫ | |

નોંધ: વાર્ષિક વધારો બીજા કોન્ટ્રેક્ટ વર્ષથી અને ત્યાર પછી "હોલસેલ પ્રાઇસ ઇન્ડેક્સ (ડબલ્યુપીઆઇ) ડેટા (૨૦૧૧-૧૨=૧૦૦)" ના આધારે "ઓલ ગ્રુપ કોમોડિટી" માટે ગણવામાં આવશે, જે સામાન્ય રીતે ભારત સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના આર્થિક સલાહકારની કચેરી, ઔદ્યોગિક નીતિ અને પ્રમોશન વિભાગ (ડીઆઇપીપી) ની વેબસાઇટ પર લિંક "http://eaindustry.nic.in/home.asp" પર ઉપલબ્ધ છે. "

૧(બી) સફળ બિડરે નીચે આપેલ વિગતો મુજબ ૮ કોન્ટ્રેક્ટ વર્ષોની અંદર વર્ષવાર કાર્ય કાર્યક્રમ હાંસલ કરવો જરૂરી રહેશે, એટલે કે:-

| **કોન્ટ્રેક્ટ વર્ષના** | **પીએનજી કનેક્શન્સ** | **કોન્ટ્રેક્ટ વર્ષના** | **સીએનજી સ્ટેશનો** | **કોન્ટ્રેક્ટ વર્ષના** | **સ્ટીલ પાઇપલાઇનના** |
|---|---|---|---|---|---|

| અંત સુધીમાં | (સંચયી) કાર્ય કાર્યક્રમની % | અંત સુધીમાં | (સંચયી) કાર્ય કાર્યક્રમની % | અંત સુધીમાં | ઇંચ–કિમી (સંચયી) કાર્ય કાર્યક્રમની % |
|---|---|---|---|---|---|
| ૧ | શૂન્ય | ૧ | શૂન્ય | ૧ | ૫ |
| ૨ | ૧૦ | ૨ | ૧૫ | ૨ | ૨૦ |
| ૩ | ૨૦ | ૩ | ૩૦ | ૩ | ૪૦ |
| ૪ | ૩૦ | ૪ | ૪૫ | ૪ | ૬૦ |
| ૫ | ૪૦ | ૫ | ૬૦ | ૫ | ૭૦ |
| ૬ | ૬૦ | ૬ | ૭૫ | ૬ | ૮૦ |
| ૭ | ૮૦ | ૭ | ૯૦ | ૭ | ૯૦ |
| ૮ | ૧૦૦ | ૮ | ૧૦૦ | ૮ | ૧૦૦ |

નોંધ: જો મેળવેલી સંખ્યા અપૂર્ણાંકમાં હોય, તો તેને નજીકની પૂર્ણાંક સંખ્યામાં રાઉન્ડ ઓફ કરવામાં આવશે અને અપૂર્ણાંક ૦.૫ ને પછીની ઉચ્ચ પૂર્ણાંક સંખ્યામાં રાઉન્ડ ઓફ કરવામાં આવશે.

પરંતુક એ કે (૧) બિલાસપુર, hમીરપુર અને ઉના જિલ્લાઓ; (૨) પંચકુલા (જે વિસ્તાર પહેલાથી જ અધિકૃત છે તે સિવાય), શિમલા, સોલન અને સિરમૌર જિલ્લાઓ અને (૩) બાડમેર, જેસલમેર અને જોધપુર જિલ્લાઓના જિયોગ્રાફિકલ એરિયાઝના કિસ્સામાં, સફળ બિડરે નીચે આપેલ વિગતો મુજબ ૧૦ કોન્ટ્રેક્ટ વર્ષોની અંદર વર્ષવાર કાર્ય કાર્યક્રમ હાંસલ કરવો જરૂરી રહેશે, એટલે કે:–

| કોન્ટ્રેક્ટ | પીએનજી કનેક્શન્સ | કોન્ટ્રેક્ટ | સીએનજી સ્ટેશનો |
|---|---|---|---|

| વર્ષના અંત સુધીમાં | (સંચયી) કાર્ય કાર્યક્રમની % | વર્ષના અંત સુધીમાં | (સંચયી) કાર્ય કાર્યક્રમની % |
|---|---|---|---|
| ૧ | શૂન્ય | ૧ | શૂન્ય |
| ૨ | ૧૦ | ૨ | ૧૦ |
| ૩ | ૨૦ | ૩ | ૨૦ |
| ૪ | ૩૦ | ૪ | ૩૦ |
| ૫ | ૪૦ | ૫ | ૪૦ |
| ૬ | ૫૦ | ૬ | ૫૦ |
| ૭ | ૬૦ | ૭ | ૬૦ |
| ૮ | ૭૦ | ૮ | ૭૦ |
| ૯ | ૮૦ | ૯ | ૮૦ |
| ૧૦ | ૧૦૦ | ૧૦ | ૧૦૦ |

નોંધ: જો મેળવેલી સંખ્યા અપૂર્ણાંકમાં હોય, તો તેને નજીકની પૂર્ણાંક સંખ્યામાં રાઉન્ડ ઓફ કરવામાં આવશે અને અપૂર્ણાંક ૦.૫ ને પછીની ઉચ્ચ પૂર્ણાંક સંખ્યામાં રાઉન્ડ ઓફ કરવામાં આવશે.

(૨) ***********

(૩) પેટા–રેગ્યુલેશન (૧) હેઠળના માપદંડોને ધ્યાનમાં લેતા અને શિડ્યુલ સી(૧) માં દર્શાવ્યા મુજબ, સૌથી વધુ કમ્પોઝિટ સ્કોર ધરાવતી બિડર સંસ્થાને સફળ બિડર તરીકે જાહેર કરવામાં આવશે.

પરંતુક એ કે મૂલ્યાંકન કરાયેલા કમ્પોઝિટ સ્કોરમાં ટાઈ થવાના કિસ્સામાં, સફળ બિડરનો નિર્ણય ટાઈ થયેલી બિડિંગ સંસ્થાઓ વચ્ચે પીએનજી કનેક્શન્સની

સંખ્યાની મહત્તમતાના આધારે નક્કી કરવામાં આવશે. પીએનજી કનેક્શન્સની સંખ્યા પર પણ ટાઈ થવાના કિસ્સામાં, સ્ટીલ પાઇપલાઇનના ઇંચ–કિંલોમીટરની મહત્તમતા ધ્યાનમા  લેવામાં આવશે અને ત્યાર પછી ઇંચ–કિલોમીટરમાં પણ ટાઈ થવાના કિસ્સામાં, **સીએનજી સ્ટેશનો**ની સંખ્યાની મહત્તમતા ધ્યાનમાં લેવામાં આવશે;"

રેગ્યુલેશન ૭ હેઠળ, બોર્ડ અધિકૃતતા માટેની દરખાસ્તો પર વિચાર કરતી વખતે, નિર્ધારિત બિડિંગ માપદંડો અનુસાર ન્યૂનતમ પાત્રતા માપદંડો પૂર્ણ કરતી તમામ નાણાકીય બિડ્સનું કોષ્ટકીકરણ અને સરખામણી કરશે. રેગ્યુલેશન ૭(૧)(એ) માં દર્શાવેલ કોષ્ટક પાંચ પરિમાણોના આધારે તમામ પાત્ર નાણાકીય બિડ્સના કોષ્ટકીકરણની જોગવાઈ કરે છે. કોષ્ટક પાંચ બિડિંગ માપદંડો અને તેમાંથી દરેકને આપવાના વેઈટેજને દર્શાવે છે. માપદંડો નીચે મુજબ છે:

(૧) પ્રથમ માપદંડ બ્રિટિશ થર્મલ યુનિટ માટે મિલિયન દીઠ રૂપિયામાં ગણતરી કરાયેલા સીજીડી માટેના પરિવહન દરની 'ન્યૂનતમતા' છે. આ માપદંડને આપવામાં આવેલ વેઈટેજ ૧૦ ટકા છે. સ્પષ્ટીકરણ નિયત કરે છે કે બિડરે માત્ર પ્રથમ કોન્ટ્રેક્ટ વર્ષ માટે સીજીડી માટે રૂ. ૩૦ પ્રતિ એમએમબીટીયુ થી ઓછા ન હોય તેવા દરે પરિવહન દર ટાંકવો જરૂરી છે;

(૨) બીજો માપદંડ પ્રતિ કિલોગ્રામ રૂપિયામાં વ્યક્ત કરાયેલા સીએનજી માટેના પરિવહન દરની 'ન્યૂનતમતા' છે. આ માપદંડને આપવામાં આવેલ વેઈટેજ ૧૦ ટકા છે. બિડરે માત્ર પ્રથમ કોન્ટ્રેક્ટ વર્ષ માટે પ્રતિ કિલોગ્રામ રૂ. ૨ થી ઓછા ન હોય તેવા દરે પરિવહન દર ટાંકવો જરૂરી છે;

(૩) ત્રીજો માપદંડ અધિકૃતતાની તારીખથી આઠ કોન્ટ્રેક્ટ વર્ષોની અંદર સ્થાપિત કરવાના સીએનજી સ્ટેશનોની સંખ્યાની 'મહત્તમતા' છે. આ પરિમાણને આપેલું વેઈટેજ ૨૦ ટકા છે;

(૪) ચોથો માપદંડ અધિકૃતતાની તારીખથી આઠ કોન્ટ્રેક્ટ વર્ષોની અંદર પ્રાપ્ત કરવાના સ્થાનિક પાઈપ્ડ નેચરલ ગેસ કનેક્શન્સની સંખ્યાની 'મહત્તમતા' છે. આ માપદંડને આપેલું વેઈટેજ ૫૦ ટકા છે; અને

(૫) પાંચમો માપદંડ અધિકૃતતાની તારીખથી આઠ કોન્ટ્રેક્ટ વર્ષોની અંદર પાથરવાની સ્ટીલ પાઇપલાઇનના ઇંચ–કિલોમીટરની 'મહત્તમતા' છે. આ પરિમાણને આપેલું વેઈટેજ ૧૦ ટકા છે.

રેગ્યુલેશન ૭(૧)(બી) વર્ષવાર કાર્ય કાર્યક્રમ નક્કી કરે છે જે અધિકૃતતાની તારીખથી આઠ કોન્ટ્રેક્ટ વર્ષો દરમિયાન સફળ બિડર દ્વારા દર વર્ષે પ્રાપ્ત થનારી પ્રગતિ દર્શાવે છે. રેગ્યુલેશન ૭(૩) હેઠળ, પેટા–રેગ્યુલેશન (૧)

માં સમાવિષ્ટ માપદંડોના સંદર્ભમાં, સૌથી વધુ કમ્પોઝિટ સ્કોર ધરાવતી બિડિંગ સંસ્થાને સફળ બિડર તરીકે જાહેર કરવાની રહેશે. આ સીજીડી ઓથોરાઇઝેશન રેગ્યુલેશન્સના શિડ્યુલ સી(૧) માં સચિત્ર દર્શાવવામાં આવ્યું છે. શિડ્યુલ સી(૧) માં પીએનજી કનેક્શન્સ માટે વેઈટેજ આપવાની પદ્ધતિનું નીચેનું ઉદાહરણ શામેલ છે:

**"(ઈ) પીએનજી સ્થાનિક કનેક્શન્સની સંખ્યા**

**ધારો કે,**

**પી૧ = પ્રથમ સંસ્થા દ્વારા પીએનજી સ્થાનિક કનેક્શન્સની સંખ્યા**

**પી૨ = બીજી સંસ્થા દ્વારા પીએનજી સ્થાનિક કનેક્શન્સની સંખ્યા**

**પી૩ = ત્રીજી સંસ્થા દ્વારા પીએનજી સ્થાનિક કનેક્શન્સની સંખ્યા**

**ધારી લો કે પી૧ એ પી૨ કરતા વધારે છે અને પી૨ એ પી૩ કરતા વધારે છે.;**

સૌથી વધુ પીએનજી સ્થાનિક કનેક્શન્સ બિડ (એચપી૧) ને ૧૦૦% નો સ્કોર આપવામાં આવશે અને અન્ય પીએનજી સ્થાનિક કનેક્શન્સ બિડ્સની સંખ્યાને એચપી૧ ના સંબંધમાં પ્રમાણસર (pro-rata) ધોરણે નીચે મુજબ સ્કોર આપવામાં આવશે:-

| | | |
|---|---|---|
| એચપી૧ | = | ૧૦૦% |
| એચપી૨ | = | ૧૦૦% x (પી૨ ÷ પી૧) |
| એચપી૩ | = | ૧૦૦% x (પી૩ ÷ પી૧) |

આ ઉદાહરણ દર્શાવે છે કે જે સંસ્થાએ પ્રાપ્ત કરવા માટેના પીએનજી સ્થાનિક કનેક્શન્સની સૌથી વધુ સંખ્યા ટાંકી છે તેને ૧૦૦ ટકાનો સ્કોર ફાળવવામાં આવે છે. સર્વોચ્ચથી નીચેની સંસ્થાઓને પ્રથમ સંસ્થાના સંબંધમાં પ્રમાણસર ધોરણે સ્કોર સોંપવામાં આવશે.

૮. રેગ્યુલેશન ૯ હેઠળ, સફળ સંસ્થા પર્ફોર્મન્સ બોન્ડ રજૂ કરે તે પછી તેને અધિકૃતતા આપવાનો હુકમ જારી કરવાનો રહેશે. પર્ફોર્મન્સ બોન્ડનું પ્રમાણ ૨૦૧૧ ના વસ્તી ગણતરીના ડેટાના સંદર્ભમાં નક્કી કરાયેલ જીએની વસ્તી પર આધારિત છે. રેગ્યુલેશન ૯ જણાવે છે:

"**૯. પર્ફોર્મન્સ બોન્ડ.**

(૧) સફળ સંસ્થા નીચે આપેલ વિગતો મુજબની રકમ માટે કોઈપણ શિડ્યુલ બેંકમાંથી ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા પે ઓર્ડર અથવા બેંક ગેરંટી સ્વરૂપે પર્ફોર્મન્સ બોન્ડ રજૂ કરે તે પછી તેને અધિકૃતતા આપવામાં આવશે, એટલે કે:-"

| **ક્રમ નંબર** | **ભારતની ૨૦૧૧ ની વસ્તી ગણતરી મુજબ જિયોગ્રાફિકલ એરિયામાં વસ્તી** | **પર્ફોર્મન્સ બોન્ડની રકમ (રૂપિયા)** |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ | ૫ મિલિયન અથવા વધુ | ૫૦૦ મિલિયન |
| ૨ | ૨ મિલિયન અથવા વધુ પરંતુ ૫ મિલિયનથી ઓછી | ૩૩૦ મિલિયન |
| ૩ | ૧ મિલિયન અથવા વધુ પરંતુ ૨ મિલિયનથી ઓછી | ૨૫૦ મિલિયન |
| ૪ | ૦.૫ મિલિયન અથવા વધુ પરંતુ ૧ મિલિયનથી ઓછી | ૧૫૦ મિલિયન |
| ૫ | ૦.૨૫ મિલિયન અથવા વધુ પરંતુ ૦.૫૦ મિલિયનથી ઓછી | ૮૦ મિલિયન |
| ૬ | ૦.૧ મિલિયન અથવા વધુ પરંતુ ૦.૨૫ મિલિયનથી ઓછી | ૩૦ મિલિયન |
| ૭ | **૦.૧ મિલિયનથી ઓછી** | **૧૫ મિલિયન** |

રેગ્યુલેશન ૧૦ હેઠળ, બિડ આખરી થયા પછી સફળ સંસ્થાને લેટર ઓફ ઈન્ટેન્ટ જારી કરવાનો રહેશે. સીજીડી ઓથોરાઈઝેશન રેગ્યુલેશન્સ હેઠળ, અધિકૃત સંસ્થાએ અધિકૃતતાના ૨૭૦ દિવસની અંદર બેંક અથવા નાણાકીય સંસ્થા પાસેથી પ્રોજેક્ટ માટે ફાઇનાન્સિયલ ક્લોઝર પણ મેળવવું આવશ્યક છે.

૯. સીજીડી બિડિંગના નવમા રાઉન્ડ હેઠળ પ્રોજેક્ટના અમલીકરણનો સમયગાળો ૨૦૧૮ થી ૨૦૨૬ છે. વ્યાપારી કામગીરી માટેનો સમયગાળો ૨૦૧૮ અને ૨૦૪૩ ની વચ્ચેનો છે.

૧૦. સીજીડી ઓથોરાઈઝેશન રેગ્યુલેશન્સના વિશ્લેષણ પરથી, એ સ્પષ્ટ થાય છે કે રેગ્યુલેશન ૫(૬)(ઈ) માં નેટ–વર્થની જરૂરિયાત અને રેગ્યુલેશન ૯ માં અધિકૃતતા પછી બોર્ડને સબમિટ કરવાના પર્ફોર્મન્સ બોન્ડનું મૂલ્ય નક્કી કરવા માટે ૨૦૧૧ ની વસ્તી ગણતરીના આંકડાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. નોંધપાત્ર રીતે, રેગ્યુલેશન ૭, જે સ્પર્ધાત્મક બિડ્સનું મૂલ્યાંકન કરવા માટે પાંચ બિડિંગ માપદંડો દર્શાવતું કોષ્ટક પ્રદાન કરે છે, તે સદર માપદંડોને ૨૦૧૧ ના વસ્તી ગણતરીના આંકડા સાથે જોડતું નથી.

**હાલની અપીલોની હકીકતો**

૧૧. ૧૨ એપ્રિલ ૨૦૧૮ ના રોજ, બોર્ડે નવમા રાઉન્ડ માટે સીજીડી નેટવર્ક્સ પાથરવા, નિર્માણ કરવા, ચલાવવા અથવા વિસ્તૃત કરવા માટે સંસ્થાઓને અધિકૃત કરવા માટે બિડિંગ પ્રક્રિયા શરૂ કરી. પ્રત્યેક જીએ માટે એપ્લિકેશન–કમ–બિડ–ડોક્યુમેન્ટના માધ્યમથી બિડ્સ મંગાવવામાં આવી હતી. બિડિંગ પ્રક્રિયામાં વિવિધ જીએ આવરી લેવામાં આવ્યા હતા, જેમાં (૧) જીએ ૫૧ પુડુચેરી જિલ્લો; (૨) જીએ – ૬૧ કાંચીપુરમ જિલ્લો; અને (૩) જીએ ૬૨–ચેન્નાઈ–તિરુવલ્લુરનો સમાવેશ થાય છે.

૧૨. બિડ ડોક્યુમેન્ટના ક્લોઝ ૧.૧ નું શીર્ષક 'જિયોગ્રાફિકલ એરિયા એન્ડ રિલેટેડ ઇન્ફોર્મેશન' હતું. ક્લોઝ ૧.૧.૧ એવું નિયત કરતું હતું કે બોર્ડે એક જીએ ઓળખી કાઢ્યો છે અને તે મુજબ સદર જીએમાં સીજીડી નેટવર્ક વિકસાવવા

માટે અધિકૃતતા આપવા માટે એપ્લિકેશન–કમ–બિડ્સ મંગાવી રહ્યું છે. પ્રત્યેક જીએ સંબંધિત જીએ માટેના બિડ ડોક્યુમેન્ટના એનેક્ષર–૧ ના નકશામાં દર્શાવવામાં આવ્યો હતો. ક્લોઝ ૧.૧.૩ હેઠળ, નિર્દિષ્ટ જીએમાં વર્તમાન ગેસ પુરવઠાની ઉપલબ્ધતા, પાઇપલાઇન કનેક્ટિવિટી અને અસ્તિત્વ ધરાવતા ગ્રાહકો, જો કોઈ હોય તો, તે સંબંધિત તમામ માહિતી મેળવવાની જવાબદારી પ્રત્યેક બિડરની હતી. ક્લોઝ ૧.૧.૩ માં જણાવવામાં આવ્યું હતું કે:

"૧.૧.૩. **વર્તમાન ગેસ પુરવઠાની ઉપલબ્ધતા અને પાઇપલાઇન કનેક્ટિવિટી અને નિર્દિષ્ટ જિયોગ્રાફિકલ એરિયામાં અસ્તિત્વ ધરાવતા ગ્રાહકો, જો કોઈ હોય તો, તે સંબંધિત તમામ માહિતી મેળવવાની જવાબદારી બિડરની છે.** બિડર http://www.pngrb.gov.in/CGD-NOCs.html પર (૧) કેસ્કેડ્સ દ્વારા સીએબીએમ/નેચરલ ગેસના પુરવઠા/વિતરણ; અને (૨) સીએનજી/એલએનજી ડોટર બૂસ્ટર સ્ટેશન્સ (ડીબીએસ) ની સ્થાપના માટે, એવા વિસ્તારોમાં જ્યાં બોર્ડે સીજીડી નેટવર્ક્સ વિકસાવવા કે ચલાવવા માટે હજી સુધી કોઈ સંસ્થાને અધિકૃત કરી નથી, વિવિધ સંસ્થાઓને પીએનજીઆરબી દ્વારા ઇન્ટરનલ ગાઇડલાઇન્સની જોગવાઇઓ હેઠળ આપવામાં આવેલી એનઓસી/પરવાનગીઓની યાદીનો સંદર્ભ પણ લઈ શકે છે."

(ભારપૂર્વક)

કામની વ્યાપકતા બિડ ડોક્યુમેન્ટના ક્લોઝ ૧.૨ માં વ્યાખ્યાયિત કરવામાં આવી હતી:

"આ કામ માટે બિડ કરનારી સંસ્થાઓએ અધિકૃત કરવાના સદર જિયોગ્રાફિકલ એરિયામાં વાહન વિભાગમાં નેચરલ ગેસ સહિત સ્થાનિક, વ્યાપારી અને ઔદ્યોગિક વિભાગોમાં નેચરલ ગેસની જરૂરિયાતને પહોંચી વળવા માટે સીજીડી નેટવર્ક્સ પાથરવા, નિર્માણ કરવા, ચલાવવા અથવા વિસ્તૃત કરવા જરૂરી રહેશે અને સમય સમય પર સૂચિત સંબંધિત રેગ્યુલેશન્સનું પાલન પણ કરવું પડશે.

સંસ્થાઓએ પીએનજીઆરબી દ્વારા નિર્ધારિત રેગ્યુલેશન્સને અનુરૂપ સીજીડી પ્રોજેક્ટનો વિકાસ કરવો જરૂરી રહેશે."

૧૩. ક્લોઝ ૨.૧.૧ માં બિડર્સ માટે બિડ ડોક્યુમેન્ટની વિષયવસ્તુ અને બોર્ડના રેગ્યુલેશન્સની તપાસ કરવી જરૂરી હતી. ક્લોઝ ૨.૧.૨ માં એનેક્ષર–૧ ને જીએ અને ચાર્જ એરિયા દર્શાવતા નકશા તરીકે વર્ણવવામાં આવ્યું હતું. ક્લોઝ ૨.૨.૧ હેઠળ, બિડ બંધ થવાની તારીખે અથવા તે પહેલાં બોર્ડના સેક્રેટરી પાસેથી કોઈ પણ સ્પષ્ટીકરણો મેળવવા જરૂરી હતા. ક્લોઝ ૪.૨ એવું નિયત કરતું હતું કે તમામ નાણાકીય બિડ્સનું કોષ્ટકીકરણ અને સરખામણી સીજીડી ઓથોરાઈઝેશન રેગ્યુલેશન્સના રેગ્યુલેશન ૭ અને શિડ્યુલ–સી(૧) માં નિર્દિષ્ટ બિડિંગ માપદંડો અનુસાર કરવામાં આવશે. તદુપરાંત, સૌથી વધુ કમ્પોઝિટ

સ્કોર ધરાવતા બિડરને બિડમાં સફળ જાહેર કરવામાં આવશે. બિડ ડોક્યુમેન્ટના ક્લોઝ ૪.૪ હેઠળ, બોર્ડે "અવાસ્તવિક રીતે ઊંચી અથવા નીચી" ગણાતી કોઈપણ બિડને સ્વીકારવાનો અથવા નકારવાનો અધિકાર અનામત રાખ્યો હતો:

> **"૪.૪ એપ્લિકેશન–કમ–બિડ્સ સ્વીકારવા અથવા નકારવાનો પીએનઆરજીબીનો અધિકાર**
>
> ૪.૪.૧ પીએનઆરજીબી તેના દ્વારા અવાસ્તવિક રીતે ઊંચો અથવા નીચો ગણવામાં આવતો ટાંકેલો કાર્ય કાર્યક્રમ ધરાવતી કોઈ પણ એપ્લિકેશન–કમ–બિડને નકારવાનો અધિકાર અનામત રાખે છે."

૩૧ મે ૨૦૧૮ ના રોજ, બોર્ડ દ્વારા બિડ ડોક્યુમેન્ટનું એડેન્ડમ–૧ જારી કરવામાં આવ્યું હતું. એડેન્ડમ–૧ ના પરિણામે ઉમેરવામાં આવેલા ક્લોઝ ૧૪.૨ માં નીચે મુજબનું સ્પષ્ટીકરણ સામેલ હતું:

> "૧૪.૨ ટાંકેલા દરોના કયા સ્તરને "અવાસ્તવિક રીતે ઊંચા" અથવા "અવાસ્તવિક રીતે નીચા" ગણવા જોઈએ તેનો નિર્ણય બોર્ડ દ્વારા બિડ મૂલ્યાંકન સમયે સંબંધિત પરિબળોને ધ્યાનમાં લીધા પછી કેસ–ટુ–કેસ ધોરણે કરવામાં આવશે."

ઉપરોક્ત શરત અનુસાર, બોર્ડે સ્પષ્ટ કર્યું કે અવાસ્તવિક રીતે ઊંચા કે નીચા ટાંકેલા દરનું નિર્ધારણ બોર્ડ દ્વારા બિડ મૂલ્યાંકન સમયે સંબંધિત પરિબળોને ધ્યાનમાં લીધા પછી કેસ–ટુ–કેસ ધોરણે કરવામાં આવશે.

૧૪. ૧૦ જુલાઈ ૨૦૧૮ ના રોજ, બિડ દસ્તાવેજોના મૂલ્યાંકન માટે બોર્ડ દ્વારા ત્રણ બિડ મૂલ્યાંકન સમિતિઓની નિમણૂક કરવામાં આવી હતી. ૧૨ જુલાઈ ૨૦૧૮ ના રોજ, બોર્ડ દ્વારા એક અખબારી યાદી જારી કરવામાં આવી હતી જેમાં વિવિધ જીએ માટે ટેકનિકલ બિડ્સ ખોલવાની તારીખ અને સમય નક્કી કરવામાં આવ્યા હતા. જીએ ૫૧ (પુડુચેરી) માટેની ટેકનિકલ બિડ્સ ૧૬ જુલાઈ ૨૦૧૮ ના રોજ ૧૪.૦૦ કલાકે ખોલવાની હતી; જીએ ૬૧ (કાંચીપુરમ) માટે ૧૭ જુલાઈ ૨૦૧૮ ના રોજ ૧૨.૩૦ કલાકે; અને જીએ ૬૨ (ચેન્નાઈ–તિરુવલ્લુર) માટે ૧૭ જુલાઈ ૨૦૧૮ ના રોજ ૧૩.૩૦ કલાકે ખોલવાની હતી. બિડર્સના પ્રતિનિધિઓની હાજરીમાં બોર્ડ દ્વારા ટેકનિકલ બિડ્સ ખોલવામાં આવી હતી.

૧૫. ૨૩ જુલાઈ ૨૦૧૮ ના રોજ, ગંભીર બિડર્સને પ્રોત્સાહિત કરવા અને બિડ ડોક્યુમેન્ટના ક્લોઝ ૪.૪.૧ ના સંદર્ભમાં બિન–વાસ્તવિક/અવાસ્તવિક બિડિંગને ટાળવાના હેતુથી બોર્ડના સભ્યોની મંજૂરી માટે એક નોંધ રજૂ કરવામાં આવી હતી. બોર્ડ નોટ, જ્યાં સુધી પ્રસ્તુત છે ત્યાં સુધી, જોગવાઈ કરતી હતી:

"**વિષય: બિડિંગ પરિમાણોની વાજબીતા**

તમામ ૮૬ જીએ માટે ટેકનિકલ બિડ માટે બિડ મૂલ્યાંકન પ્રગતિમાં છે. ટેકનિકલ બિડના પ્રશ્નો જારી કરવામાં આવી રહ્યા છે અને એવી અપેક્ષા છે કે વિવિધ જીએ માટે આ અઠવાડિયાથી (૨૪ જુલાઈથી) નાણાકીય બિડ ખોલવાનું શરૂ થઈ શકે છે. વર્તમાન રાઉન્ડમાં બિડિંગના પરિમાણો સંપૂર્ણપણે બદલી દેવામાં આવ્યા છે.

ગંભીર બિડર્સને પ્રોત્સાહન આપવા અને સંસ્થા દ્વારા વચન આપવામાં આવેલી કોઈ પણ બિન-વાસ્તવિક/અવાસ્તવિક બિડિંગ સંખ્યાને ટાળવા માટે, પીએનજીઆરબીએ એપ્લિકેશન-કમ-બિડ દસ્તાવેજોના પેરા ૪.૪.૧ માં નકારવાની કલમ સામેલ કરી છે. સદર કલમ નીચે મુજબ પુનઃઉત્પાદિત છે:

"પીએનજીઆરબી તેના દ્વારા અવાસ્તવિક રીતે ઊંચો અથવા નીચો ગણવામાં આવતો ટાંકેલો કાર્ય કાર્યક્રમ ધરાવતી કોઈ પણ એપ્લિકેશન-કમ-બિડને નકારવાનો અધિકાર અનામત રાખે છે."

કારણ કે કેટલાક જીએ માટે ટેકનિકલ બિડ્સ પૂર્ણ થવા પર છે, તેથી કાર્ય કાર્યક્રમની રચના કરતા બિડિંગ પરિમાણોની વાજબીતા નક્કી કરવી આવશ્યક છે. આ સંબંધમાં, નીચે મુજબ પ્રસ્તાવિત છે:

**૧. પીએનજી સ્થાનિક કનેક્શન્સની સંખ્યા:**

**ન્યૂનતમ મર્યાદા:** પેટ્રોલિયમ અને નેચરલ ગેસ મંત્રાલયે પત્ર નંબર L–૧૬૦૨૧/૯/૨૦૧૩–GP–૧ (pt.) તારીખ ૧૬ ઓગસ્ટ ૨૦૧૬ દ્વારા સિટી ગેસ ડિસ્ટ્રિબ્યુશન (સીજીડી) બિડિંગ સંબંધિત મુદ્દાઓની તપાસ કરવા માટે એક સમિતિની રચના કરી હતી. સમિતિએ તેના અહેવાલમાં અન્ય બાબતોની સાથે પીએનજી સ્થાનિક કનેક્શન્સ માટે જિલ્લા મુખ્ય મથક/મ્યુનિસિપલ મર્યાદાની અંદરના ૭.૫% તરીકે ન્યૂનતમ કાર્ય કાર્યક્રમ (એમડબલ્યુપી) ની ભલામણ કરી હતી. ૯ મા રાઉન્ડ પહેલાં, પીએનજી સ્થાનિક કનેક્શન્સ માટે એમડબલ્યુપી કુલ ઘરના ૫% નક્કી કરવામાં આવી હતી. ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં લેતા એવું પ્રસ્તાવિત છે કે કુલ ઘરના ૨% (૨૦૧૧ ની વસ્તી ગણતરીનો ડેટા) ને ન્યૂનતમ તરીકે ગણી શકાય.

**મહત્તમ મર્યાદા:** મહત્તમ મૂલ્ય પર પહોંચવા માટે સંસ્થામાં વિવિધ શક્યતાઓની ચર્ચા કરવામાં આવી છે જેમાં એલપીજીનું પીએનજીમાં રૂપાંતરણ, જીએમાં હાલમાં મહત્તમ પ્રવેશ વગેરેનો સમાવેશ થાય છે. પીએનજી સ્થાનિક કનેક્શન્સની મહત્તમ મર્યાદા ઘરના ૧૦૦% (૨૦૧૧ ની વસ્તી ગણતરીનો ડેટા) રાખવાની દરખાસ્ત છે. ૧૦૦% ઘરથી આગળના દરને અવાસ્તવિક દર તરીકે ગણવામાં આવી શકે છે."

બોર્ડ નોટને ચેરપર્સન સહિત બોર્ડના સભ્યો દ્વારા મંજૂર કરવામાં આવી હતી. ૨૪ જુલાઈ ૨૦૧૮ અને ૧૮ ઓગસ્ટ ૨૦૧૮ ની વચ્ચે, બોર્ડ દ્વારા વિવિધ

જીએ માટે બિડર્સ દ્વારા સબમિટ કરવામાં આવેલી નાણાકીય બિડ્સ ખોલવામાં આવી હતી.

૧૬. ૨૩ જુલાઈ ૨૦૧૮ ની બોર્ડ નોટે અવાસ્તવિક રીતે નીચા અથવા અવાસ્તવિક રીતે ઊંચા ટાંકેલા દરો નક્કી કરવાના હેતુથી ન્યૂનતમ અને મહત્તમ મર્યાદાઓની ગણતરી માટેના આધાર તરીકે કુલ ઘરોની સંખ્યા પરના ૨૦૧૧ ની વસ્તી ગણતરીના ડેટાને અપનાવ્યો હતો. બોર્ડ નોટે એવું નિયત કર્યું છે કે ૨૦૧૧ ની વસ્તી ગણતરીના ડેટાના સંદર્ભમાં કુલ ઘરોના ૨ ટકાને ન્યૂનતમ ટાંકેલા દર તરીકે ગણવામાં આવશે. ૨ ટકાથી ઓછી કોઈ પણ બાબતને અવાસ્તવિક રીતે નીચી ગણવામાં આવશે. તેવી જ રીતે, સ્પેક્ટ્રમના ઉપલા છેડા પર, બોર્ડ નોટે પ્રસ્તાવ મૂક્યો હતો કે ૨૦૧૧ ની વસ્તી ગણતરીના ડેટાના સંદર્ભમાં કુલ ઘરોના ૧૦૦ ટકાને મહત્તમ તરીકે ગણવામાં આવશે. આ ઉપલી મર્યાદાથી બહારના અવતરણને અવાસ્તવિક રીતે ઊંચું ગણવામાં આવશે. હવે, ૨૩ જુલાઈ ૨૦૧૮ ના રોજની બોર્ડ નોટની બે વિશેષતાઓ નોંધવી આવશ્યક છે. પ્રથમ, બોર્ડ નોટ બિડ સબમિટ કરવાની છેલ્લી તારીખ પછી તૈયાર કરવામાં આવી હતી. બીજું, બોર્ડ નોટ બોર્ડનું એક આંતરિક દસ્તાવેજ હતું જે બિડર્સને સૂચિત કરવામાં આવ્યું ન હતું.

૧૭. બોર્ડે ૨૪ જુલાઈ ૨૦૧૮ ના રોજ નાણાકીય બિડ ખોલવાની પ્રક્રિયા શરૂ કરી. ૨ ઓગસ્ટ ૨૦૧૮ ના રોજ, બોર્ડ માટે એક એજન્ડા નોટ તૈયાર કરવામાં આવી હતી. એજન્ડા નોટમાં રેખાંકિત કરવામાં આવ્યું હતું કે પ્રાપ્ત થયેલી

બિડ્સના મૂલ્યાંકન માટે ત્રણ બિડ મૂલ્યાંકન સમિતિઓની નિમણૂક કરવામાં આવી હતી. બિડર્સ દ્વારા સબમિટ કરાયેલી ટેકનિકલ બિડ્સનું મૂલ્યાંકન રેગ્યુલેશન્સ અને બિડ દસ્તાવેજોની જરૂરિયાતો પર આધારિત એક કન્સલ્ટન્ટ, આઇસીએફ દ્વારા કરવામાં આવ્યું હતું. ટેકનિકલ બિડ મૂલ્યાંકનની એક સારાંશ શીટ બિડ મૂલ્યાંકન સમિતિ દ્વારા તૈયાર અને તપાસવામાં આવી હતી. ૮૬ જીએ સામે ૩૮ સંસ્થાઓએ બિડ સબમિટ કરી હતી. ટેકનિકલ રીતે પાત્ર બિડર્સની નાણાકીય બિડ ખોલવાની ભલામણ કરવામાં આવી હતી. ૨ ઓગસ્ટ ૨૦૧૮ ના રોજની એજન્ડા નોંટે બિડ ડોક્યુમેન્ટના પૅરેગ્રાફ ૪.૪.૧ માં સમાવિષ્ટ શરત અને બોર્ડના અગાઉના નિર્ણયને સ્પષ્ટ કર્યો હતો, જેમાં ૨૦૧૧ ની વસ્તી ગણતરીના ડેટાના આધારે ૨ ટકાને ન્યૂનતમ અને ૧૦૦ ટકાને મહત્તમ તરીકે અપનાવવામાં આવ્યા હતા. એજન્ડા નોટમાં ટેકનિકલ રીતે લાયક સંસ્થાઓની બિડ્સનું કોષ્ટકીકરણ સામેલ હતું. એજન્ડા નોંટે દર્શાવ્યું હતું કે ચાર જીએ: ૩૫, ૪૬, ૪૮ અને ૪૯ માટે જ્યાં પ્રત્યેક માટે બે બિડ્સ પ્રાપ્ત થઈ હતી, ત્યાં સૌથી વધુ બિડ કરનારે આઠ કોન્ટ્રેક્ટ વર્ષોના અંતે અંદાજિત પીએનજી કનેક્શન્સની અવાસ્તવિક રીતે ઓછી સંખ્યા ટાંકી હતી. જ્યાં ૨ ટકાથી ઓછી બિડ જીએ માટે એકમાત્ર બિડ હતી, ત્યાં સદર બિડ સ્વીકારવામાં આવી હતી કારણ કે અન્યથા જીએ 'કોરું' (dry) રહી ગયું હોત. એજન્ડા નોંટે બાકીની બિડ્સના સંબંધમાં ત્રણ પ્રકારની કાર્યવાહી અપનાવવાનો પ્રસ્તાવ મૂક્યો હતો:

(૧) ઉપરોક્ત ચાર જીએ માટે મળેલી બિડ્સ અવાસ્તવિક રીતે નીચી હોવાના કારણે તેને નકારવી;

(૨) સિંગલ બિડ જીએ માટે જે તર્ક લાગુ કરવામાં આવ્યો હતો તે જ તર્ક તેમને પણ લંબાવીને ચાર જીએ માટેની બિડ્સ સ્વીકારવી; અથવા

(૩) ટાંકેલા કાર્ય કાર્યક્રમમાં સુધારો કરવા માટે વાટાઘાટો કરવા માટે પ્રત્યેક જીએ માટે સર્વોચ્ચ સ્કોર ધરાવતી સંબંધિત સંસ્થાઓને આમંત્રિત કરવી.

૧૮. ૨ ઓગસ્ટ ૨૦૧૮ ના રોજની એજન્ડા નોટ ૩ ઓગસ્ટ ૨૦૧૮ ના રોજ વિચારવિમર્શ માટે બોર્ડ સમક્ષ રજૂ કરવામાં આવી હતી. તેની બેઠકમાં, બોર્ડે એજન્ડા નોટના કોષ્ટક ૩ માં ઉલ્લેખિત ૪૮ જીએની સંસ્થાઓને લેટર્સ ઓફ ઇન્ટેન્ટ જારી કરવાની દરખાસ્ત સ્વીકારી હતી. પ્રત્યેક જીએ માટે અવાસ્તવિક રીતે ઓછી બિડ સબમિટ કરનાર સર્વોચ્ચ સ્કોર ધરાવતી સંસ્થાઓને વાટાઘાટો માટે આમંત્રિત કરવા અને ટાંકેલા કાર્ય કાર્યક્રમમાં સુધારો કરવાની દરખાસ્ત મંજૂર કરવામાં આવી હતી. તદનુસાર, ૩ ઓગસ્ટ ૨૦૧૮ ના રોજ, બોર્ડે એક અખબારી યાદી જારી કરીને નોંધ્યું કે તેણે ૪૮ જીએ માટે ૧૮ સફળ બિડર્સને લેટર્સ ઓફ ઇન્ટેન્ટ જારી કરવાની મંજૂરી આપી છે. અખબારી યાદીમાં દર્શાવવામાં આવ્યું હતું કે બાકીના જીએનું મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે અને પરિણામ ટૂંક સમયમાં સૂચિત કરવામાં આવશે.

૧૯. ૯ ઓગસ્ટ ૨૦૧૮ ના રોજ, બોર્ડ દ્વારા એક એજન્ડા નોટ જારી કરવામાં આવી હતી જેમાં નોંધવામાં આવ્યું હતું કે ૩ ઓગસ્ટ ૨૦૧૮ ના રોજ બોર્ડ દ્વારા લેવાયેલા નિર્ણયોના અનુસંધાનમાં, જે સંસ્થાઓએ સર્વોચ્ચ કમ્પોઝિટ સ્કોર મેળવ્યો હતો પરંતુ અવાસ્તવિક રીતે ઓછા પીએનજી કનેક્શન્સ ટાંક્યા હતા, તેમને ૨૦૧૧ ની વસ્તી ગણતરીના ડેટા અનુસાર ઘરોના ૨ ટકાની ન્યૂનતમ જરૂરિયાતની તેમની સ્વીકૃતિની પુષ્ટિ કરવા માટે પત્રો સંબોધવામાં આવ્યા છે. એજન્ડા નોટના કોષ્ટક ૫ માં એવી બિડ્સનું કોષ્ટકીકરણ સામેલ હતું જે અવાસ્તવિક રીતે ઊંચા અથવા યથાપ્રસંગ, અવાસ્તવિક રીતે નીચા ટાંકેલા દરોના કારણે નકારવા પાત્ર હતી. આ બિડ્સમાં એચ૧ બિડર્સ પાસેથી મળેલી બિડ્સ સામેલ હતી જેમણે ત્રણ જીએ માટે અવાસ્તવિક રીતે ઊંચા પીએનજી કનેક્શન્સ ટાંક્યા હતા જે હાલની અપીલોનો વિષય વસ્તુ છે. આ નીચે મુજબ હતા:

કોષ્ટક – ૫

| **ક્રમ નંબર** | **જીએ નંબર** | **જીએ નું નામ** | **બિડિંગ સંસ્થાઓનું નામ** | **ટાંકેલો દર** | **રીમાર્ક્સ** |
|---|---|---|---|---|---|
| ૧૧ | જીએ ૬૧ | કાંચીપુરમ જિલ્લો | કન્સોર્ટિયમ ઓફ એજીએન્ડપી એલએનજી માર્કેટિંગ પ્રાઈવેટ લિમિટેડ અને એટલાન્ટિક ગલ્ફ એન્ડ પેસિફિક કંપની ઓફ | કુલ ઘરોના ૧૧૪ % | અન્ય ૭ માન્ય બિડ્સ બાકી છે |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | મનિલા ઇન્ક. | | |
| ૧૨ | જી એ ૬૨ | ચેન્નાઈ અને તિરુવલ્લુર જિલ્લાઓ | ટૉરેન્ટ ગેસ પ્રાઈવેટ લિમિટેડ | કુલ ઘરોના ૧૫૭. ૦૦% | અન્ય ૯ માન્ય બિડ્સ બાકી છે |
| ૧૩ | જી એ ૬૩ | કોઈમ્બતુર જિલ્લો | આઇએમસી લિમિટેડ | કુલ ઘરોના ૧૦૭. ૦૬% | અન્ય ૧૨ માન્ય બિડ્સ બાકી છે |

ઉપરોક્ત કોષ્ટક–૫ પરથી જોઈ શકાય છે કે ૩ જીએમાં અવાસ્તવિક રીતે ઊંચા પીએનજી કનેક્શન્સ ટાંકેલા મળ્યા છે અને તેઓ એચ૧ બિડર પણ છે અને નકારવા પાત્ર છે.

૨૦. આ તબક્કે એ નોંધવું પણ જરૂરી બની શકે છે કે કોષ્ટક ૪ માં એવા બિડર્સની બિડ્સનું કોષ્ટકીકરણ સામેલ હતું જેમને "લાયક ન હોય તેવા" તરીકે ગણવામાં આવ્યા હતા. એજન્ડા નોંટે ભલામણ કરી હતી કે ત્રણ જીએમાં, સર્વોચ્ચ બિડર્સની બિડ્સ નકારવા પાત્ર હતી કારણ કે તેઓએ આઠ કોન્ટ્રેક્ટ વર્ષોના અંતે પ્રાપ્ત કરવાના પીએનજી કનેક્શન્સની અવાસ્તવિક રીતે ઊંચી સંખ્યા ટાંકી હતી. પરિણામે, જે સંસ્થાઓને સફળ બિડર તરીકે જાહેર કરવાની હતી તેમના નામો એજન્ડા નોટના કોષ્ટક ૬ માં કોષ્ટકબદ્ધ કરવામાં આવ્યા હતા. એજન્ડા નોટ અનુસાર, સર્વોચ્ચ બિડ ધરાવતી સંસ્થાઓના નામ હટાવ્યા પછી, જીએ ૬૧ (કાંચીપુરમ જિલ્લો) માટે આઇએમસી લિમિટેડને સફળ બિડર

તરીકે જાહેર કરવા માટે ભલામણ કરવામાં આવી હતી. તેવી જ રીતે, જીએ ૬૨ (ચેન્નાઈ અને તિરુવલ્લુર જિલ્લાઓ) માટે, સર્વોચ્ચ બિડને "લાયક નથી" જાહેર કર્યા પછી અદાણી ગેસ લિમિટેડને સફળ બિડર તરીકે ભલામણ કરવામાં આવી હતી. એજન્ડા નોટ ઓથોરાઈઝેશન ડિવિઝન દ્વારા તૈયાર કરવામાં આવી હતી અને નોંધે છે કે તેને સભ્ય (આઈએન્ડટી) અને સભ્ય (સીએન્ડએમ) દ્વારા સંમતિ આપવામાં આવી હતી અને ચેરપર્સન દ્વારા "બોર્ડના વિચારવિમર્શ અને મંજૂરી માટે" મંજૂર કરવામાં આવી હતી.

૨૧. ૧૦ ઓગસ્ટ ૨૦૧૮ ના રોજ, બોર્ડ દ્વારા એક બેઠક યોજવામાં આવી હતી. બોર્ડની બેઠકની મિનિટ્સમાં નોંધવામાં આવ્યું હતું કે ૨૦૧૧ ની વસ્તી ગણતરી હેઠળના ઘરોના ૧૦૦ ટકા કરતા વધુ અંદાજિત પીએનજી સ્થાનિક કનેક્શન્સ માટેના ટાંકેલા દરો હોય તેવા ચાર કિસ્સાઓમાંથી, જીએ ૬૩ માટેના બિડર્સમાંના એક પર વિચાર કરવામાં આવ્યો ન હતો કારણ કે તેનો કમ્પોઝિટ સ્કોર જીએ માટે મળેલી બિડ્સમાં સૌથી વધુ ન હતો. અન્ય ત્રણ બિડર્સ જેમણે પીએનજી સ્થાનિક કનેક્શન્સ માટે ઘરોના ૧૦૦ ટકાથી વધુ ટાંક્યા હતા તેઓ નીચેના કોષ્ટકમાં પ્રતિબિંબિત થયા હતા:

| **ક્રમ નંબર** | **જીએ નંબર** | **જીએ નું નામ** | **બિડિંગ સંસ્થા** | **૨૦૧૧ ની વસ્તી ગણતરી મુજબ ઘરોના % તરીકે પીએનજી સ્થાનિક કનેક્શન્સ માટે ટાંકેલો દર** |
|---|---|---|---|---|

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૬૧ | કાંચીપુરમ જિલ્લો | કન્સોર્ટિયમ ઓફ એજીએન્ડપી માર્કેટિંગ પ્રાઈવેટ લિમિટેડ અને એટલાન્ટિક ગલ્ફ એન્ડ પેસિફિક કંપની ઓફ મનિલા ઈન્ક. | ૧૧૪% |
| ૨ | ૬૨ | ચેન્નાઈ અને તિરુવલ્લુર જિલ્લાઓ | ટૉરેન્ટ ગેસ પ્રાઈવેટ લિમિટેડ | ૧૫૭% |
| ૩ | ૭૨ | મેડચલ, રંગારેડ્ડી અને વિકારાબાદ જિલ્લાઓ | ટૉરેન્ટ ગેસ પ્રાઈવેટ લિમિટેડ | ૨૨૦% |

બેઠકની મિનિટ્સમાં આગળ નોંધવામાં આવ્યું છે કે: "બોર્ડમાં વિચારવિમર્શ દરમિયાન, બોર્ડે એસીબીડી ના ક્લોઝ ૪.૪.૧ નો સંદર્ભ આપ્યો જે વાંચે છે, "પીએનજીઆરબી તેના દ્વારા અવાસ્તવિક રીતે ઊંચો અથવા નીચો ગણવામાં આવતો ટાંકેલો કાર્ય કાર્યક્રમ ધરાવતી કોઈ પણ એપ્લિકેશન કમ બિડને નકારવાનો અધિકાર અનામત રાખે છે." આ ક્લોઝના સંદર્ભમાં તારીખ ૨૩.૦૭.૨૦૧૮ ની નોંધ દ્વારા (૧) પીએનજી સ્થાનિક કનેક્શન્સ માટે નીચી અને ઊંચી મર્યાદા નક્કી કરવામાં આવી હતી (૨) સીએનજી સ્ટેશનો માટે નીચી મર્યાદા નક્કી કરવામાં આવી હતી અને (૩) સ્ટીલ પાઈપલાઈનના ઇંચ–કિમી માટે કોઈ મર્યાદા (ઊંચી કે નીચી) નક્કી કરવામાં આવી ન હતી. બોર્ડે વિચારવિમર્શ કર્યો કે જોકે

નીચલા અને ઉપલા ઘરો નક્કી કરવામાં આવ્યા હતા, તેમ છતાં તે યાંત્રિક કવાયત હોવી જરૂરી નથી અને અસરગ્રસ્ત સંસ્થાઓને તેમના ટાંકેલા દરોની વાજબીતા સમજાવવાની તક આપવામાં આવે."

૨૨. બોર્ડે આથી એવો નિર્ણય લીધો કે ૨૦૧૧ ના ઘરોના ૨ ટકા અને ૧૦૦ ટકાની નીચલી અને ઉપલી મર્યાદાના આધારે બિડર્સને અયોગ્ય ઠેરવવાનું, જે તેણે અગાઉ નક્કી કર્યું હતું, "તે યાંત્રિક કવાયત હોવી જરૂરી નથી". તેથી, જીએ ૬૧, ૬૨ અને ૭૨ માટેની ત્રણ અસરગ્રસ્ત સંસ્થાઓને તેમની બિડ્સ અવાસ્તવિક રીતે ઊંચી હોવાના કારણે શા માટે નકારવી જોઈએ નહીં તે અંગે તેમનો પક્ષ રજૂ કરવાની તક આપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. બોર્ડે તેમ આ આધાર પર કર્યું હોવાનું જણાય છે કે તેમનો પક્ષ રજૂ કરવાની તક આપ્યા વિના તેમની બિડ્સ નકારવી તે "કાયદેસર રીતે યોગ્ય" રહેશે નહીં. આ ૧૦ ઓગસ્ટ ૨૦૧૮ ના રોજ બોર્ડ દ્વારા લેવામાં આવેલા નીચેના નિર્ણયમાં પ્રતિબિંબિત થાય છે:

"(એ) તારીખ ૨૩.૦૭.૨૦૧૮ ની નોંધ દ્વારા નક્કી કરાયેલા દર કરતા વધુ પીએનજી સ્થાનિક કનેક્શન્સ માટે ટાંકનાર જીએ-૬૧, જીએ-૬૨ અને જીએ-૭૨ માટેની બિડિંગ સંસ્થાઓને ૧૪.૦૮.૨૦૧૮ ના રોજ ચર્ચા માટે બોલાવવી જેથી તેઓ પોતાનો પક્ષ રજૂ કરી શકે કે પીએનજી સ્થાનિક કનેક્શન્સ માટે તેમના દ્વારા સબમિટ કરાયેલી બિડ્સને અવાસ્તવિક રીતે ઊંચી કેમ ન ગણવી. બોર્ડે એવું પણ નક્કી કર્યું કે આ

સંજોગોમાં, તેમને પોતાનો પક્ષ રજૂ કરવાની તક આપ્યા વિના તેમની બિડ્સ નકારવી કાયદેસર રીતે યોગ્ય રહેશે નહીં."

૨૩. ૧૦ ઓગસ્ટ ૨૦૧૮ ના રોજ, બોર્ડ દ્વારા એક અખબારી યાદી જારી કરવામાં આવી હતી. બોર્ડ દ્વારા લેવાયેલા નિર્ણયના અનુસંધાનમાં, ૧૪ ઓગસ્ટ ૨૦૧૮ ના રોજ ૨૦૧૧ ના ઘરોની સંખ્યાના ૧૦૦ ટકાથી વધુ ટાંકનાર જીએ ૬૧, ૬૨ અને ૭૨ માટેની ત્રણ સંસ્થાઓ દ્વારા તેની સમક્ષ પ્રેઝન્ટેશન્સ કરવામાં આવ્યા હતા. ઉપરોક્ત ત્રણ જીએ સિવાય, પુડુચેરી (જીએ ૫૧) માટેની નાણાકીય બિડ ૧ Base ઓગસ્ટ ૨૦૧૮ ના રોજ ખોલવામાં આવી હતી. જીએ ૫૧ માટે સર્વોચ્ચ કમ્પોઝિટ સ્કોર ધરાવતા બિડરે પણ ૨૦૧૧ ના કુલ ઘરોના ૧૦૦ ટકાથી વધુ ટાંક્યા હતા અને તેને ૨૩ ઓગસ્ટ ૨૦૧૮ ના રોજ બોર્ડ સમક્ષ પ્રેઝન્ટેશન માટે બોલાવવામાં આવ્યો હતો.

૨૪. ૨૮ ઓગસ્ટ ૨૦૧૮ ના રોજ, ચાર જીએ: ૫૧, ૬૧, ૬૨ અને ૭૨ પર બોર્ડના નિર્ણયના સંબંધમાં એક એજન્ડા નોટ તૈયાર કરવામાં આવી હતી. એજન્ડા નોટમાં ચાર બિડર્સમાંના પ્રત્યેક દ્વારા કરવામાં આવેલી રજૂઆતોનો સારાંશ સામેલ હતો જેમને ૨૦૧૧ ની વસ્તી ગણતરીના ડેટા અનુસાર ઘરોની કુલ સંખ્યાના ૧૦૦ ટકાથી વધુની તેમની બિડ્સ અવાસ્તવિક રીતે ઊંચી કેમ ન ગણવી તે સમજાવવા માટે બોલાવવામાં આવ્યા હતા. એજન્ડા નોટમાં ૨૦૧૧ ની વસ્તી ગણતરી મુજબ ઘરોની સંખ્યાના સંદર્ભમાં ૨૦૨૬ માં અંદાજિત ઘરોમાં

પીએનજી પ્રવેશની ટકાવારીનું કોષ્ટકીકરણ સામેલ હતું. તુલનાત્મક કોષ્ટક નીચે મુજબ ઉદ્ધૃત છે:

| **ક્રમ નંબર** | **જીએ આઇ ડી** | **જીએ** | **બિડર દ્વારા ટાંકવામાં આવેલા પીએનજી કનેક્શન્સ** | **૨૦૧૧ ની વસ્તી ગણતરી મુજબ ઘરો એટલે કે પીએનજી કનેક્શન્સની પીએનજીઆરબી દ્વારા નક્કી કરાયેલ ઊંચી મર્યાદા** | **૨૦૨૬ માં અંદાજિત ઘરો** | **એચ૧ બિડર મુજબ ૨૦૨૬ માં પીએનજી પ્રવેશ %** | **પીએનજી આરબી ઊંચી મર્યાદા મુજબ ૨૦૨૬ માં પીએનજી પ્રવેશ %** |
|---|---|---|---|---|---|---|---|
| | એ | બી | સી | ડી | ઈ | એફ | જી=(ઈ/એફ)*૧૦૦ |
| ૧ | ૫૧ | પુડુચેરી | ૨,૭૫,૦૦૦ | ૨,૩૧,૫૧૩ | ૩,૯૧,૮૫૨ | ૫૯% | ૭૦% |
| ૨ | ૬૧ | કાંચીપુરમ | ૧૧,૫૧,૧૧૧ | ૧૦,૦૬,૨૪૫ | ૨૦,૮૯,૭૬૫ | ૪૮% | ૫૫% |
| ૩ | ૬૨ | ચેન્નાઈ તિરુવલ્લુર કુલ (ચેન્નાઈ અને તિરુવલ્લુર) | ૧૨,૭૦,૩ 运行 ૧ ૧૦,૬૩,૧૦૯ ૩૩,૦૦,૦૦૦ | ૨૦,૮૭,૭૨૯ ૨૧,૩૪,૯૭૧ ૨૩,૩૩,૫૦૦ | ૪૧,build ૮૭,૭૩૪ | ૫૬% | ૭૯% |
| ૪ | ૭૨ | રંગા રેડ્ડી (અધિકૃત વિસ્તાર સિવાય) હાલમાં, મેડચલ રંગારેડ્ડી અને વિકારાબાદ જિલ્લાઓ | ૧૦,૦૫,૩૦૦ | ૪,૫૬,૫૫૭ | ૧૦,૧૭,૦૯૭ | ૪૫% | ૯૯% |

૨૫. બોર્ડે ૨૯ ઓગસ્ટ ૨૦૧૮ ના રોજ એક બેઠક યોજી હતી. બેઠક દરમિયાન, બોર્ડે તેમના ટાંકેલા દરોની વાજબીતાના સંબંધમાં બોર્ડ સમક્ષ પ્રેઝન્ટેશન્સ કરનાર નીચેના ત્રણ બિડર્સની રજૂઆતને મંજૂર કરી હતી:

"જીએ–૫૧: કન્સોર્ટિયમ ઓફ એસકેએન હરિયાણા સિટી ગેસ ડિસ્ટ્રિબ્યુશન પ્રાઈવેટ લિમિટેડ.

જીએ–૬૧: કન્સોર્ટિયમ ઓફ એજીએન્ડપી એલએનજી માર્કેટિંગ પ્રાઈવેટ Lઈમિટેડ અને એટલાન્ટિક ગલ્ફ એન્ડ પેસિફિક કંપની ઓફ મનિલા ઈન્ક.

જીએ–૬૨: ટૉરેન્ટ ગેસ પ્રાઈવેટ લિમિટેડ."

જો કે બોર્ડે જીએ ૭૨ માટે તેના ટાંકેલા દરની વાજબીતાના સંબંધમાં ટૉરેન્ટ ગેસ પ્રાઈવેટ લિમિટેડની રજૂઆતને નકારી કાઢી હતી અને ટૉરેન્ટ ગેસ પ્રાઈવેટ લિમિટેડને અયોગ્ય જાહેર કર્યા પછી સૌથી વધુ કમ્પોઝિટ સ્કોર ધરાવતી સંસ્થા, મેઘા એન્જિનિયરિંગ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રાઈવેટ લિમિટેડને લેટર ઓફ ઈન્ટેન્ટ આપવાનું નક્કી કર્યું હતું. બોર્ડના નિર્ણયનો આધાર ૨૯ ઓગસ્ટ ૨૦૧૮ ની બેઠકની મિનિટ્સના નીચેના ઉતારામાં સમાવિષ્ટ છે:

"૨. બોર્ડે આગળ નીચે મુજબ વિચારવિમર્શ કર્યો:

(એ) અગાઉના નિર્ણયોને અનુસરીને, ત્રણ બિડર્સ એટલે કે ટૉરેન્ટ ગેસ પ્રાઈવેટ લિમિટેડ, કન્સોર્ટિયમ ઓફ એજીએન્ડપી એલએનજી અને એસકેએન હરિયાણા સિટી ગેસ પ્રાઈવેટ લિમિટેડને ઉપરોક્ત જીએ માટે તેમના દ્વારા ટાંકવામાં આવેલા ઊંચા પીએનજી કનેક્શન્સની વાજબીતા સમજાવવા માટે ૧૪ અને ૨૩ ઓગસ્ટ ૨૦૧૮ ના રોજ ચર્ચા માટે બોલાવવામાં આવ્યા હતા.

(બી) બોર્ડે એજન્ડા નોટના પેરા ૧૫ માં આપેલા કોષ્ટકનો સંદર્ભ આપ્યો જેમાં ઉપરોક્ત ચાર જીએ માટે ટાંકેલા પીએનજી સ્થાનિક કનેક્શન્સની સરખામણી તારીખ ૨૩.૦૭.૨૦૧૮ ની નોંધ દ્વારા નક્કી કરાયેલી ઉપલી મર્યાદા અને ૨૦૨૬ માં અંદાજિત ઘરો (૨૦૧૧ ની વસ્તી ગણતરી મુજબ ઘરોની સંખ્યા અને ૨૦૦૧ થી ૨૦૧૧ ના વસ્તી ગણતરીના ડેટા મુજબ ૨૦૦૧ થી ૨૦૧૧ દરમિયાનના ઐતિહાસિક વૃદ્ધિ દરને ધ્યાનમાં લેતા) સાથે કરવામાં આવી હતી. એવું જોવામાં આવ્યું હતું કે ૨૦૨૬ માં અંદાજિત ઘરોની સંખ્યાના સંદર્ભમાં પીએનજીઆરબી દ્વારા નક્કી કરાયેલી ઉપલી મર્યાદાના આધારે પીએનજી સ્થાનિક કનેક્શન્સનો પ્રવેશ ૪૫% થી ૫૯% સુધી બદલાતો હતો. જો કે, ૨૦૨૬ માં અંદાજિત ઘરોની સંખ્યાના સંદર્ભમાં ટાંકેલા પીએનજી કનેક્શન્સના આધારે પીએનજી સ્થાનિક કનેક્શન્સનો પ્રવેશ ૫૫% થી ૯૯% સુધી

બદલાતો હતો. સંખ્યાના બે સેટ વચ્ચેનો તફાવત ૭% થી ૫૪% છે.

(સી) કોર્ટે ઠેરવેલ કે સૌથી વધુ ૫૪% નો તફાવત જીએ–૭૨ માં છે, જે બિડર દ્વારા કરવામાં આવેલી અસમર્થનીય ધારણાઓ પર આધારિત છે જે એજન્ડા નોટના પેરા ૧૪.૩ માં વર્ણવેલ છે. આના કારણે, બિડર દ્વારા ટાંકવામાં આવેલા ૧૦,૦૫,૩૦૦ પીએનજી સ્થાનિક કનેક્શન્સ ૨૦૨૬ માં પીએનજીઆરબી દ્વારા અંદાજિત ઘરોના ૯૯% છે, જે અવાસ્તવિક રીતે ઊંચા છે. એવું પણ જોવામાં આવ્યું હતું કે બાકીના ૩ જીએ માટે, એજન્ડા નોટના પેરા ૧૫ માં આપેલા સંખ્યાના બે સેટ વચ્ચેનો તફાવત ૨૦૨૬ માં અંદાજિત ઘરોની સંખ્યાના ૭% થી ૨૩% છે અને પીએનજી પ્રવેશ ૫૫% થી ૭૯% ની રેન્જમાં રહેશે.

(ડી) બોર્ડે સીજીડી ઓથોરાઇઝેશન રેગ્યુલેશન્સના રેગ્યુલેશન ૧૬(૨) નો પણ સંદર્ભ આપ્યો, જે પ્રત્યેક કોન્ટ્રેક્ટ વર્ષ માટે સંચયી કાર્ય કાર્યક્રમના લક્ષ્યાંકો હાંસલ કરવામાં અછત માટે અગાઉથી નિર્ધારિત દંડના દરો પ્રદાન કરે છે. પીએનજી સ્થાનિક કનેક્શન્સની આક્રમક સંખ્યા ટાંકનારી સંસ્થાઓ ઉપરોક્ત રેગ્યુલેશન ૧૬(૨) હેઠળ અગાઉથી નિર્ધારિત દંડ ચૂકવવા માટે જવાબદાર રહેશે.

(ઈ) ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં લેતા, ટાંકેલા પીએનજી સ્થાનિક કનેક્શન્સને સ્વીકારવાનું અને ચેન્નાઈ અને તિરુવલ્લુર જિલ્લા જીએ (જીએ-૬૨) ટૉરેન્ટ ગેસ પ્રાઈવેટ લિમિટેડને, કાંચીપુરમ જિલ્લા જીએ (જીએ-૬૧) કન્સોર્ટિયમ ઓફ એજી એન્ડ પી એલએનજી માર્કેટિંગ પ્રાઈવેટ લિમિટેડ અને એટલાન્ટિક ગલ્ફ એન્ડ પેસિફિક કંપની ઓફ મનિલા ઇન્ક. ને અને પુડુચેરી જિલ્લા જીએ (જીએ-૫૧) કન્સોર્ટિયમ ઓફ એસકેએન હરિયાણા સિટી ગેસ ડિસ્ટ્રિબ્યુશન પ્રાઈવેટ લિમિટેડ અને ચોપરા ઈલેક્ટ્રિકલ્સને સંબંધિત જીએ માટે સૌથી વધુ કમ્પોઝિટ સ્કોર ધરાવતા બિડર્સને એનાયત કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું, જ્યાં સંખ્યાના બે સેટમાં તફાવત ૭ થી ૨૩% ની રેન્જમાં છે. મેડચલ, રંગારેડ્ડી (પહેલાથી જ અધિકૃત વિસ્તાર સિવાય) અને વિકારાબાદ જિલ્લા જીએ (જીએ-૭૨) ના સંબંધમાં, જ્યાં તફાવત લગભગ ૫૪% છે અને ટૉરેન્ટ ગેસ પ્રાઈવેટ લિમિટેડની બિડ અસમર્થનીય ધારણાઓ અને ખોટા નકશા પર આધારિત છે, સદર સંસ્થાની બિડ જે સર્વોચ્ચ કમ્પોઝિટ સ્કોર ધરાવે છે તેને અવાસ્તવિક રીતે ઊંચી ગણીને એસીબીડી ના ક્લોઝ ૪.૪.૧ ના સંદર્ભમાં નકારી શકાય છે. તદનુસાર, સદર જીએ બીજા ક્રમનો સૌથી વધુ કમ્પોઝિટ સ્કોર ધરાવતા બિડરને એનાયત કરી શકાય છે અને મેઘા એન્જિનિયરિંગ

એન્ડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રાઈવેટ લિમિટેડને લેટર ઓફ ઇન્ટેન્ટ જારી કરી શકાય છે. ત્યારબાદ, પીબીજી મળવા પર, ઉપરોક્ત સંસ્થાઓને અધિકૃતતા પત્ર (શિડ્યુલ ડી) જારી કરી શકાય છે."

બોર્ડે ૩૦ ઓગસ્ટ ૨૦૧૮ ના રોજ અનુક્રમે જીએ ૫૧, ૬૧ અને ૬૨ માટે સફળ બિડર્સ તરીકે એસકેએન હરિયાણા સિટી ગેસ ડિસ્ટ્રિબ્યુશન પ્રાઈવેટ લિમિટેડ અને ચોપરા ઈલેક્ટ્રિકલ્સ, એજી એન્ડ પી એલએનજી માર્કેટિંગ પ્રાઈવેટ લિમિટેડ અને એટલાન્ટિક ગલ્ફ એન્ડ પેસિફિક કંપની ઓફ મનિલા અને ટૉરેન્ટ ગેસ પ્રાઈવેટ લિમિટેડને લેટર્સ ઓફ ઇન્ટેન્ટ જારી કર્યા. ૬ સપ્ટેમ્બર ૨૦૧૮ ના રોજ અદાણી ગેસ લિમિટેડે બોર્ડને પત્ર લખીને ઉપરોક્ત ત્રણ જીએ માટે લેટર્સ ઓફ ઇન્ટેન્ટ જારી કરવાના સંબંધમાં નિર્ણયની નકલની વિનંતી કરી. ત્યારબાદ, બોર્ડે ૧૪ સપ્ટેમ્બર ૨૦૧૮ ના રોજ નવમા સીજીડી રાઉન્ડ હેઠળ સફળ બિડર્સની વિગતો પોતાની વેબસાઇટ પર અપલોડ કરી.

૨૬. ૧૯ સપ્ટેમ્બર ૨૦૧૮ ના રોજ, અદાણી ગેસ લિમિટેડ દ્વારા એપ્ટેલ સમક્ષ અપીલ નંબર ૨૯૨/૨૦૧૮ દાખલ કરવામાં આવી હતી, જે નીચેની બાબતોથી નારાજ હતી:

(૧) ત્રણ જીએ – ૫૧ (પુડુચેરી જિલ્લો), ૬૧ (કાંચીપુરમ જિલ્લો), અને ૬૨ (ચેન્નાઈ અને તિરુવલ્લુર જિલ્લાઓ) ના સંબંધમાં લેટર્સ ઓફ ઇન્ટેન્ટ એનાયત કરવાનો નિર્ણય એવા કારણોસર કે સફળ

બિડ્સ બોર્ડ દ્વારા અપનાવવામાં આવેલી અવાસ્તવિક રીતે ઊંચી મર્યાદાથી બહાર હતી; અને

(૨) વેબસાઇટ પર નિર્ણય અપલોડ કર્યા વિના અને અદાણી ગેસ લિમિટેડને તેની જાણ કર્યા વિના લેટર્સ ઓફ ઇન્ટેન્ટ જારી કરવાની બોર્ડની કાર્યવાહી.

અદાણી ગેસ લિમિટેડ દ્વારા કાર્યવાહી શરૂ કર્યા પછી, આઇએમસી લિમિટેડે પણ જીએ ૬૧ ના સંબંધમાં બોર્ડ દ્વારા અધિકૃતતા આપવાને પડકારતી એપ્ટેલ સમક્ષ કાર્યવાહી (અપીલ નંબર ૩૨૩/૨૦૧૮) દાખલ કરી. બંને અપીલોમાં અરજ સમાન હતી અને ટ્રિબ્યુનલે બંને અપીલોની સુનાવણી એકસાથે હાથ ધરી હતી.

૨૭. અપીલ પડતર હોવા દરમિયાન, ૧૧ ઓક્ટોબર ૨૦૧૮ ના રોજના હુકમ દ્વારા એપ્ટેલે બોર્ડને ૨૩ જુલાઈ ૨૦૧૮ ના રોજ લેવાયેલા તેના નિર્ણય અને ઊંચા અને નીચા ટાંકેલા દરોના કારણો સહિત જે આધારો પર બિડ્સ નકારવામાં આવી હતી તે કારણો સમજાવતું સોગંદનામું ફાઇલ કરવા નિર્દેશ આપ્યો હતો. ઉપરોક્ત હુકમના અનુસંધાનમાં, બોર્ડે એક સોગંદનામું ફાઇલ કર્યું જેના દ્વારા તેણે ૨૩ જુલાઈ ૨૦૧૮ ની બોર્ડ નોટની સાથે બોર્ડ એજન્ડા નોટ્સ, બેઠકોની મિનિટ્સ અને અખબારી યાદીઓ ધરાવતા દસ્તાવેજોનું સંકલન જાહેર

કર્યું. બોર્ડ દ્વારા સબમિટ કરાયેલા દસ્તાવેજોના અવલોકન પરથી, વિવિધ બિડર્સની હરીફ સ્થિતિ સુવિધા માટે નીચે મુજબ સંક્ષિપ્તમાં દર્શાવવામાં આવી છે:

| જીએ નંબર | વિસ્તાર | એચ૧ બિડર | એચ૨ બિડર |
|---|---|---|---|
| ૫૧ | પુડુચેરી | એસકેએન હરિયાણા | ટૉરેન્ટ ગેસ પ્રાઇવેટ લિમિટેડ |
| ૬૧ | કાંચીપુરમ | એજીએન્ડપી એલએનજી | આઇએમસી લિમિટેડ |
| ૬૨ | ચેન્નાઈ તિરુવલ્લુર | ટૉરેન્ટ ગેસ પ્રાઇવેટ લિમિટેડ | અદાણી ગેસ લિમિટેડ |

જીએ ૫૧ માં, અદાણી ગેસ લિમિટેડ છટ્ઠા ક્રમનો સર્વોચ્ચ બિડર હતો અને જીએ ૬૧ માં અદાણી ગેસ લિમિટેડ ત્રીજા ક્રમનો સર્વોચ્ચ બિડર હતો. અપીલ નંબર ૨૯૨/૨૦૧૮ માં અદાણી ગેસ લિમિટેડે જીએ ૫૧, ૬૧ અને ૬૨ માં અધિકૃતતા આપવાને પડકાર્યો હતો અને અપીલ નંબર ૩૨૩/૨૦૧૮ માં આઇએમસી લિમિટેડે જીએ ૬૧ માં અધિકૃતતા આપવાને પડકાર્યો હતો.

૨૮. ૨૮ ફેબ્રુઆરી ૨૦૧૯ ના રોજ, એપ્ટેલે વિભાજિત ચુકાદો જાહેર કર્યો. જ્યારે ચેરપર્સને અદાણી ગેસ લિમિટેડ અને આઇએમસી લિમિટેડ દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલો મંજૂર કરી, ત્યારે ટેકનિકલ સભ્ય (પેટ્રોલિયમ અને નેચરલ ગેસ) એ અપીલો ફગાવી દીધી. ચેરપર્સન અને ટેકનિકલ સભ્ય (પેટ્રોલિયમ અને નેચરલ ગેસ) વચ્ચેના મંતવ્યોની ભિન્નતાને ધ્યાનમાં લેતા, અપીલો એપ્ટેલના ન્યાયિક સભ્યને મોકલવામાં આવી હતી. ન્યાયિક સભ્યએ ૭ માર્ચ ૨૦૧૯ ના રોજ અપીલની સુનાવણીમાંથી પોતાને અલગ કર્યા, જેના

પરિણામે આ સુપ્રિમ કોર્ટ સમક્ષ કાર્યવાહી શરૂ કરવામાં આવી. અગાઉ નોંધ્યા મુજબ, એપ્ટેલ સમક્ષ પડતર અપીલો આ સુપ્રિમ કોર્ટમાં ટ્રાન્સફર કરવામાં આવી છે.

**વિશ્લેષણ**

૨૯. હકીકતો નક્કી કર્યા પછી, હવે આપણે આ સુપ્રિમ કોર્ટ સમક્ષ હાલના વિવાદ દ્વારા ઉભા કરાયેલા મુદ્દાઓ તરફ વળીએ. વિવાદનો વિષય બનતું પ્રથમ પાસું બિડિંગ પ્રક્રિયામાં ૨૦૧૧ ની વસ્તી ગણતરીના ડેટાની પ્રાસંગિકતા છે. અપીલકર્તાઓ જે પ્રાથમિક આધાર પર દલીલ કરે છે કે ૨૦૧૧ ની વસ્તી ગણતરીનો ડેટા બિડિંગ પ્રક્રિયા માટે પ્રાસંગિક હતો તે બિડ ડોક્યુમેન્ટ સાથે એનેક્ષર કરેલા નકશામાં ૨૦૧૧ ની વસ્તી ગણતરીમાંથી મેળવેલા વસ્તી/ઘરોના આંકડાનો સંદર્ભ હતો.

૩૦. અદાણી ગેસ લિમિટેડ તરફે હાજર રહેલા વિદ્વાન સિનિયર કાઉન્સેલ ડો. એ. એમ. સિંઘવીએ રજૂઆત કરી કે:

(૧) બિડ ડોક્યુમેન્ટ સાથે જોડાયેલા નકશામાં માત્ર જમીન વિસ્તારનું જ વર્ણન નહોતું પરંતુ તેમાં સમાવિષ્ટ વસ્તી અને ઘરોનું પણ વર્ણન હતું;

(૨) આનો તર્ક એ હતો કે અધિકૃતતા નિર્દિષ્ટ જમીન વિસ્તારમાં સીજીડી નેટવર્ક પાથરવા અને તે વિસ્તારના નિર્દિષ્ટ ઘરોને સેવા આપવા માટે છે;

(૩) બિડ ડોક્યુમેન્ટ સાથે જોડાયેલા નકશામાં વસ્તી અને ઘરોની સંખ્યાના આંકડા ૨૦૧૧ ની વસ્તી ગણતરીમાંથી લેવામાં આવ્યા હતા;

(૪) બિડિંગના નવમા રાઉન્ડનો ભાગ એવા ૮૬ જીએમાંથી કેટલાય વિસ્તારોમાં, જીએના ચોક્કસ ભાગોને અધિકૃતતાના ઝોનમાંથી બાકાત રાખવામાં આવ્યા હતા;

(૫) જ્યારે પણ જીએના ચોક્કસ ભાગોને અધિકૃતતાના ઝોનમાંથી બાકાત રાખવામાં આવતા, ત્યારે ઘટેલા વિસ્તાર મુજબ વસ્તી/ઘરોને પ્રતિબિંબિત કરવા માટે વસ્તી/ઘરોની સંખ્યા પ્રમાણસર ઘટાડવામાં આવતી હતી. ઉપરોક્તના ઉદાહરણો સુરેન્દ્રનગર (જીએ–૮); અને મેડચલ–રંગા રેડ્ડી (જીએ–૭૨) છે.

(૬) જીએ ૭૨, મેડચલ–રંગા રેડ્ડીમાં:

(એ) બિડ ડોક્યુમેન્ટ સાથે જોડાયેલા મૂળ નકશામાં ૨૦૧૧ ની વસ્તી ગણતરી અનુસાર ૧૩,૪૭,૧૧૮ ઘરોની અનુરૂપ સંખ્યા સાથે સમગ્ર જિલ્લો દર્શાવવામાં આવ્યો હતો;

(બી) જે વિસ્તારમાં અસ્તિત્વ ધરાવતી સંસ્થા અગાઉથી જ સીજીડી નેટવર્ક પાથરી રહી હતી તે વિસ્તારને બાકાત રાખવા માટે બિડ ડોક્યુમેન્ટમાં સુધારો કરવામાં આવ્યો હતો, જેના પરિણામે માત્ર જમીન વિંસ્તાર જ ઘટ્યો ન હતો પર  તુ ઘરોની સંખ્યા પણ ઘટીને ૪,૫૬,૫૫૭ થઈ ગઈ હતી;

(સી) ઘટેલા વિસ્તાર માટે સર્વોચ્ચ બિડર એવા ટૉર્રેન્ટ ગેસ લિમિટેડ પ્રાઈવેટ લિમિટેડે ૧૦,૦૫,૩૦૦ પીએનજી કનેક્શન્સની બિડ કરી હતી, જે ઘરોના મૂળ આંકડા (૧૩,૪૭,૧૧૮) ના ૭૪.૬ ટકા અને ઘટેલા ઘરોના આંકડા (૪,૫૬,૫૫૭) ના ૨૨૦ ટકા થતા હતા;

(ડી) બૉર્ડે ૨૯ ઓગસ્ટ ૨૦૧૮ ના રોજની તેની બેઠકમાં જીએ ૭૨ માટેના એચ૧ બિડરને એવા આધાર પર નકારી કાઢ્યો હતો કે ઘરોના ૨૨૦ ટકાની બિડ અવાસ્તવિક રીતે ઊંચી હતી; અને

(ઈ) જીએ ૭૨ માટેના એચ૧ બિડરની બિડ વાસ્તવમાં ૨૦૨૬ માટે અંદાજિત ઘરોના ૯૯ ટકા હતી તેમ છતાં તેને નકારી કાઢવામાં આવી હતી કારણ કે 'અવાસ્તવિક રીતે ઊંચા' ધોરણ ૨૦૧૧ ની વસ્તી ગણતરીના સંદર્ભમાં હતા અને ૨૦૨૬ ના અંદાજના ૧૦૦ ટકા ન હતા કારણ કે જો તે પછીનું હોત, તો એચ૧ બિડરને સફળ જાહેર કરવામાં આવ્યો હોત.

(૭) બિડ ડોક્યુમેન્ટ સાથે એનેક્ષર કરેલા નકશામાં માત્ર જમીન વિસ્તાર જ નહીં પરંતુ વસ્તી/ઘરોની સંખ્યા પણ દર્શાવવામાં આવી હતી જે બિડના પરિમાણોમાં આંતરિક રીતે વણાયેલા હતા;

(૮) બિડ ડોક્યુમેન્ટના ક્લોઝ ૧.૧.૩ માં બિડર્સ માટે "અસ્તિત્વ ધરાવતી વસ્તી" ને જોવાનું ફરજિયાત હતું. તેથી, એવું સૂચવવું ખોટું છે કે બિડર્સે ૨૦૧૮ માં જીએમાં વસ્તીને ધ્યાનમાં રાખવાની હતી. તેનાથી વિપરીત, ક્લોઝ ૧.૧.૧ માં બિડર્સ માટે બિડ ડોક્યુમેન્ટ સાથે એનેક્ષર કરેલા નકશામાં આપેલ વસ્તી/ઘરોને ધ્યાનમાં રાખવું જરૂરી હતું; અને

(૯) બિડ ડોક્યુમેન્ટના ક્લોઝ ૧.૧.૨ માં 'ચાર્જ એરિયાઝ' નો સંદર્ભ એટલે નિયુક્ત પેટા–વિસ્તારો જે અધિકૃત જીએનો ભાગ છે. 'ચાર્જ

એરિયાઝ' નું હોદ્દો માત્ર બોર્ડને એ નક્કી કરવામાં સુવિધા આપવા માટે છે કે અધિકૃત સંસ્થાએ તે તમામ જીએમાં તેનું નેટવર્ક બનાવ્યું છે કે કેમ જેના માટે તે અધિકૃત છે.

૩૧. ઉપરોક્ત રજૂઆતોનો વિરોધ કરતા, બોર્ડ તરફે હાજર રહેલા વિદ્વાન સિનિયર કાઉન્સેલ શ્રી પારસ કુહાદે એક લેખિત નોંધ સબમિટ કરી, જેમાં સીજીડી ઓથોરાઇઝેશન રેગ્યુલેશન્સ ૧૯ માર્ચ ૨૦૦૮ ના રોજ શરૂઆતમાં સૂચિત થયા પછી તેમાં કરાયેલા સુધારાઓ સમજાવ્યા:

(એ) ૨૦૦૮ સીજીડી ઓથોરાઇઝેશન રેગ્યુલેશન્સ:

૨૦૦૮ ના સીજીડી ઓથોરાઈઝેશન રેગ્યુલેશન્સના રેગ્યુલેશન ૭ માં બિડિંગ માટે ચાર ગણા માપદંડ નિર્ધારિત કરવામાં આવ્યા હતા:

(૧) માપદંડ (એ) ૪૦ ટકાના વેઈટેજ સાથે એકંદર યુનિટ નેટવર્ક ટેરિફના વર્તમાન મૂલ્યની ન્યૂનતમતા હતી;

(૨) માપદંડ (બી) સીએનજી સ્ટેશનોમાં વિતરણ માટે સીએનજી માટેના કમ્પ્રેસન ચાર્જના વર્તમાન મૂલ્યની ન્યૂનતમતા ૧૦ ટકાના વેઈટેજ સાથે નિર્ધારિત કરતો હતો;

(૩) માપદંડ (સી) વિશિષ્ટતાના સમયગાળા દરમિયાન સીજીડી નેટવર્કમાં પાથરવા માટે સૂચિત સ્ટીલ પાઇપલાઇન્સના ઇંચ–કિલોમીટરના વર્તમાન મૂલ્યની મહત્તમતા ૨૦ ટકાના વેઈટેજ સાથે નિર્ધારિત કરતો હતો; અને

(૪) માપદંડ (ડી) પીએનજી દ્વારા કનેક્ટ કરવા માટે સૂચિત સ્થાનિક ગ્રાહકોની સંખ્યાના વર્તમાન મૂલ્યની મહત્તમતા ૩૦ ટકાના વેઈટેજ સાથે નિર્ધારિત કરતો હતો.

રેગ્યુલેશન્સ હેઠળ, રેગ્યુલેશન ૭ ના માપદંડ (એ) થી (ડી) ના સંબંધમાં બિડિંગ માટે કોઈ ઉચ્ચ કે નીચી મર્યાદા પ્રદાન કરવામાં આવી ન હતી.

(બી) સીજીડી ઓથોરાઇઝેશન રેગ્યુલેશન્સમાં ૨૦૧૩ નો સુધારો:

(૧) ૨૦૧૩ ના સુધારા દ્વારા માપદંડ (એ) અને (બી) માં સુધારો કરવામાં આવ્યો અને બિડિંગ માપદંડ (સી) અને (ડી) ને માપદંડ (સી) સાથે બદલવામાં આવ્યા;

(૨) સફળ બિડરે પીએનજી સ્થાનિક કનેક્શન્સ અને સ્ટીલ પાઇપલાઇનના ઇંચ–કિલોમીટરના સંબંધમાં ન્યૂનતમ કાર્ય કાર્યક્રમ હાંસલ કરવો જરૂરી હતો;

(૩) અધિકૃતતાના પ્રથમ પાંચ વર્ષમાં પ્રાપ્ત કરવાના પીએનજી સ્થાનિક કનેક્શન્સની ન્યૂનતમ સંખ્યા બોર્ડ દ્વારા નક્કી કરવાની હતી. આ જીએના સંબંધિત જિલ્લાઓની મૂળભૂત ડેટા શીટ અને નવીનતમ વસ્તી ગણતરીના ડેટા

અનુસાર વસ્તીના આધારે ગણતરી કરવાના ઘરોની કુલ સંખ્યા પર આધારિત હતું;

(૪) બિડિંગનું વેઈટેજ માપદંડ (એ) માટે ૭૦ ટકા અને માપદંડ (બી) માટે ૩૦ ટકા પર સ્થાનાંતરિત કરવામાં આવ્યું હતું. પીએનજી સ્થાનિક કનેક્શન્સ અને પાઇપલાઇનના ઇંચ–કિલોમીટરને કોઈ વેઈટેજ આપવામાં આવ્યું ન હતું; અને

(૫) સફળ બિડરે બીજા વર્ષ સુધીમાં ૧૫ ટકા, ત્રીજા વર્ષ સુધીમાં ૫૦ ટકા, ચોથા વર્ષ સુધીમાં સિત્તેર ટકા અને પાંચમા વર્ષ સુધીમાં ૧૦૦ ટકાનું લક્ષ્ય હાંસલ કરવાનું હતું.

(સી) સીજીડી ઓથોરાઇઝેશન રેગ્યુલેશન્સમાં ૨૦૧૪ નો સુધારો:

(૧) ૨૦૧૪ ના સુધારા દ્વારા માપદંડ (સી) ને ફરી એકવાર બદલવામાં આવ્યો;

(૨) ૨૦૧૪ ના સુધારા હેઠળ, બોર્ડે પીએનજી સ્થાનિક કનેક્શન્સ માટે ઇન્ફ્રાસ્ટ્રક્ચરનું લક્ષ્ય સંબંધિત જીએના ઘરોના ૫ ટકા તરીકે નક્કી કરવાનું હતું જે સફળ બિડર દ્વારા અધિકૃતતા મળ્યાના પ્રથમ પાંચ વર્ષ દરમિયાન પ્રાપ્ત કરવાનું રહેશે; અને

(૩) માપદંડ (સી) પીએનજી સ્થાનિક કનેક્શન્સ અને ઇંચ–કિલોમીટરને કોઈ વેઈટેજ આપવામાં આવ્યું ન હતું.

(ડી) ૧૬ ઓગસ્ટ ૨૦૧૬ ના રોજ, પેટ્રોલિયમ અને નેચરલ ગેસ મંત્રાલયે સીજીડી નેટવર્ક્સ માટે અધિકૃતતા આપવા માટે બિડિંગ માપદંડો માટે વૈકલ્પિક મોડલ્સની તપાસ કરવા માટે એક સમિતિની રચના કરી. સમિતિએ તેના અહેવાલમાં જિલ્લા મુખ્ય મથકો/મ્યુનિસિપલ મર્યાદાઓની અંદર, ૭.૫ ટકા પર પીએનજી સ્થાનિક કનેક્શન્સ માટે એમડબલ્યુપી ની ભલામણ કરી હતી. નવમા રાઉન્ડ પહેલાં, એમડબલ્યુપી કુલ ઘરોના ૫ ટકા નક્કી કરવામાં આવી હતી.

(ઈ) સીજીડી ઓથોરાઈઝેશન રેગ્યુલેશન્સમાં ૨૦૧૮ નો સુધારો:

(૧) ૨૦૧૮ ના સુધારા દ્વારા નવમા રાઉન્ડ માટે લાગુ પડતા બિડિંગ માટેના નવા માપદંડો બદલવામાં આવ્યા. હાલની અપીલોની બેચ બિડિંગના નવમા રાઉન્ડ સાથે સંબંધિત છે; અને

(૨) સીજીડી બિડિંગના નવમા રાઉન્ડ માટે લાગુ પડતા નવા માપદંડો હેઠળ, પીએનજી સ્થાનિક કનેક્શન્સને ૫૦ ટકા વેઈટેજ આપવામાં આવ્યું હતું. તદુપરાંત, ૨૦૧૮ ના સુધારામાં પીએનજી સ્થાનિક કનેક્શન્સ માટે કોઈ ન્યૂનતમ કે મહત્તમ મર્યાદા નક્કી કરવામાં આવી ન હતી.

તારીખ ૨૩ જુલાઈ ૨૦૧૮ ના રોજની બોર્ડ નોટની બંધનકર્તા પ્રકૃતિ અને માત્ર સર્વોચ્ચ બિડરને જ સાંભળવાના બોર્ડના નિર્ણયની કાયદેસરતા પર અપીલકર્તાની રજૂઆતોનો જવાબ આપતા, શ્રી પારસ કુહાદે આગ્રહ કર્યો કે:

(૧) તારીખ ૯ ઓગસ્ટ ૨૦૧૮ ના રોજની એજન્ડા નોટ બોર્ડ પર બંધનકર્તા નથી કારણ કે તે સ્પષ્ટપણે જણાવે છે કે એજન્ડા નોટની વિષયવસ્તુ બોર્ડના વિચારવિમર્શ અને મંજૂરીને આધિન છે;

(૨) રેગ્યુલેશન ૭ પાંચ પરિમાણો નક્કી કરે છે જેના પર બિડ્સનું મૂલ્યાંકન કરવાનું હોય છે. એકવાર બિડર રેગ્યુલેશન્સ ૫ અને ૭ માં નિર્ધારિત માપદંડો પૂર્ણ કરે અને સર્વોચ્ચ બિડર તરીકે ઉભરી આવે, પછી તેમની પાસે પસંદગી પામવાનો વૈધાનિક અધિકાર છે;

(૩) સીજીડી ઓથોરાઇઝેશન રેગ્યુલેશન્સ "અવાસ્તવિક રીતે ઊંચી કે નીચી" બિડ્સ નક્કી કરવા માટેના માપદંડ નક્કી કરતા નથી અને આવા કોઈ માપદંડ રેગ્યુલેશન્સમાં વાંચી શકાય નહીં અને બોર્ડ પર લાગુ કરી શકાય નહીં;

(૪) ક્લોઝ ૪.૪.૧ એડેન્ડમ ૧ સાથે વાંચતા સ્પષ્ટપણે જણાવે છે કે "અવાસ્તવિક રીતે ઊંચી કે નીચી" બિડ્સ નક્કી કરવાની બોર્ડની સત્તાનો ઉપયોગ "સંબંધિત પરિબળોને ધ્યાનમાં લીધા પછી કેસ ટુ કેસ ધોરણે" કરવામાં આવશે;

(૫) અપીલકર્તાઓ દ્વારા કરાયેલો પડકાર એક પ્રતિકૂળ પડકાર છે અને જાહેર હિતની અરજી નથી. અપીલકર્તાઓ અલગ જીએ ના સંબંધમાં લેવાયેલા નિર્ણયો પર આધાર રાખીને પોતાના કેસને આગળ વધારવાનો પ્રયાસ કરી શકે નહીં જે હાલમાં પડકાર હેઠળ નથી; અને

(૬) વૃદ્ધિ દર અને ઘરોની અંદાજિત સંખ્યાના સંબંધમાં અપીલકર્તાઓ દ્વારા કરવામાં આવેલી ગણતરીઓ અપ્રાસંગિક પરિબળો પર આધારિત છે.

૩૨. ટૉરેન્ટ ગેસ પ્રાઈવેટ લિમિટેડ તરફે હાજર રહેલા વિદ્વાન સિનિયર કાઉન્સેલ શ્રી ગોપાલ સુબ્રમણ્યમે બોર્ડ દ્વારા કરાયેલી દલીલોને સમર્થન આપ્યું હતું અને વધુમાં રજૂઆત કરી હતી કે:

(૧) ટૉરેન્ટ ગેસ લિમિટેડ બોર્ડ સમક્ષની સુનાવણીમાં હાજર રહ્યું હતું, તેણે તેના ટાંકેલા પીએનજી કનેક્શન્સની સંખ્યાની ગણતરીમાં તેની પદ્ધતિ સમજાવી હતી, અને ટાંકેલા આંકડાને બોર્ડ દ્વારા વાજબી તરીકે સ્વીકારવામાં આવ્યો છે;

(૨) તારીખ ૨૩ જુલાઈ ૨૦૧૮ ના રોજની બોર્ડ નોટ બિડ સબમિટ કર્યા પછી તૈયાર કરવામાં આવી હતી. બિડ સબમિટ કરતી વખતે, ટૉરેન્ટ ગેસ પ્રાઈવેટ લિમિટેડને ખબર હોય તેવા માત્ર તે જ માપદંડો હતા જે રેગ્યુલેશન ૭ અને બિડ ડોક્યુમેન્ટમાં નિર્દિષ્ટ હતા, જે પીએનજી કનેક્શન્સની મહત્તમ સંખ્યા નિર્ધારિત કરતા નહોતા; અને

